અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૧૦ | અંક : ૧૭૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

છત્તીસગઢના સુકમા જિલ્લામાં સ્થિત રાયગુડેમ વિસ્તારમાં જોવા મળ્યો | નક્સલ પ્રભાવિત વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન સૈનિકો પર અચાનક હુમલો થયાદળો અને પોલીસ નવી રણનીતિ બનાવી રહ્યા છે

## છત્તીસગઢમાં નક્સલી હુમલો, આર્મી કેમ્પ પર ગ્રેનેડ ફાયર; ૨ જવાન ઘાયલ



**। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૪ ।**

છત્તીસગઢથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. નક્સલ પ્રભાવિત વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન સૈનિકો પર અચાનક હુમલો થયો. ગોમાગુડા નદી પાસે થયેલા આ હુમલામાં બે સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ હુમલો છત્તીસગઢના સુકમા જિલ્લામાં સ્થિત રાયગુડેમ વિસ્તારમાં જોવા મળ્યો હતો. આ વિસ્તાર નક્સલવાદીઓના નિયંત્રણમાં હતો. નક્સલવાદીઓની મોટી બટાલિયન અહીં રહેતી હતી. પરંતુ છત્તીસગઢને નક્સલીઓથી મુક્ત કરવા માટે સુરક્ષા દળોએ આ વિસ્તારમાં પેટ્રોલિંગ શરૂ કર્યું. આવી સ્થિતિમાં સેનાની પેટ્રોલિંગથી નારાજ નક્સલીઓએ સુરક્ષા દળો પર હુમલો કર્યો. આ અથડામણમાં બે જવાનો ઘાયલ થયાના સમાચાર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુરક્ષા દળોએ ચિંતલનારના ગોમગુડામાં એક નવો કેમ્પ બનાવ્યો હતો.

પહેલા આ વિસ્તારમાં નક્સલવાદીઓ રહેતા હતા, પરંતુ હવે તેમને અહીંથી જવું પડ્યું છે. આવી સ્થિતિમાં ગત રાત્રે નકલી લોકોએ સુરક્ષા દળોના કેમ્પ પર હુમલો કર્યો હતો. નક્સલીઓએ BGL (બેરલ ગ્રેનેડ લોન્ચર) ફાયરિંગ કર્યું. જેના કારણે આ વિસ્તારમાં જોરદાર વિસ્ફોટ થયો હતો અને બે સૈનિકો ખરાબ રીતે ઘાયલ થયા હતા. જોકે સૈનિકો ખતરાની બહાર છે. જ્યારે પોલીસે નક્સલી હુમલાનો જવાબ આપ્યો અને ગોળીબાર શરૂ કર્યો તો નક્સલવાદીઓ ત્યાંથી ભાગી ગયા. બંને ઘાયલ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને બીજી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે ગોમગુડા કેમ્પની આસપાસના વિસ્તારો છેલ્લા ૪ દાયકાથી નક્સલવાદીઓના કબજામાં છે. સુરક્ષા દળોના ઓપરેશન દરમિયાન, નક્સલવાદીઓ ઘણીવાર નદીની બીજી બાજુ છુપાઈ જતા હતા. પરંતુ હવે સુરક્ષા દળોએ નદીની બીજી બાજુ પણ કબજે કરી લીધી છે, જેના કારણે નક્સલવાદીઓ ગભરાટમાં છે.

## પૂંછમાં સેનાનું વાહન ૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યું, ૫ જવાન શહીદ

**। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૨૪ ।**

જમ્મુ કાશ્મીરના પૂંછ જિલ્લામાં મંગળવાર સાંજે મોટી દુર્ઘટના બની. અધિકારીઓએ જણાવ્યું કે, જિલ્લાના મેંઢર વિસ્તારમાં બલનોઈ વિસ્તારમાં સેનાનું એક વાહન બેકાબૂ થઈને ખીણમાં ખાબક્યું. જણાવાય રહ્યું છે કે, આ ઘટનામાં અનેક સૈનિક ઈજાગ્રસ્ત થયા છે. માહિતી મળતા જ સેનાના અધિકારીઓ ઘટના સ્થળ પર પહોંચ્યા અને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરીને ઘાયલોને હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી છે. જણાવાય રહ્યું છે કે, આ ગાડીમાં ૮ જવાન સવાર હતા. નીલમ હેડક્વાર્ટરથી લબનોઈ ઘોરા પોસ્ટ તરફ જઈ રહેલી ૧૧ MLIની સૈન્ય ગાડી ઘોરા પોસ્ટ પર પહોંચતા જ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ. ગાડી અંદાજિત ૩૦૦-૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી. માહિતી મળતા જ ૧૧ સૈન્યની ટીમ ઘટના સ્થળે પહોંચી અને રેસ્ક્યૂ શરૂ કર્યું. આ અગાઉ આ વર્ષે મે મહિનામાં જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સેનાનું વાહન ખીણમાં ખાબક્યું હતું. જેમાં એક જવાન શહીદ થયા હતા, ત્યારે ૯ જવાનો ઘાયલ થયા હતા.

### હિમાચલ પ્રદેશ હિમવર્ષાથી ઘેરાયું

## અટલ ટનલ પાસે ૪૦૦૦ મુસાફરો ફસાયા : 3 નેશનલ હાઈવે બંધ થયા

**। (એજન્સી) શિમલા, તા.૨૪ ।**

હિમાચલ પ્રદેશમાં ભયંકર હિમવર્ષા પડવાના કારણે ત્રણ નેશનલ હાઈવે બરફની ચાદર ફેલાઈ ગઈ છે, ૧૭૪ રોડ બંધ કરાયા છે, ૩૦૦ બસો સહિત ૧૦૦૦ વાહનો રસ્તા પર ફસાયા છે. અહીં સિઝનનો બીજો ભયાનક હિમપ્રપાત પડ્યો છે, જેના કારણે હિમાચલ વાસીઓની સાથે ત્યાં ગયેલા અનેક પ્રવાસીઓ ફસાઈ ગયા છે. અટલ ટનલ પાસે ૪૦૦૦ મુસાફરો ફસાઈ ગયા છે. હવામાન વિભાગે બિલાસપુર, ઉના, હમીરપુર અને મંડીમાં ભીષણ ઠંડી પડવાની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવી સ્થિતિમાં હિમાચલ પ્રદેશ જવાનું વિચારતા લોકો મુશ્કેલીમાં ફસાઈ શકે છે.

### પ્રવાસીઓ હાલમાં ટ્રાફિક જામમાં ફસાયા

## મનાલીમાં સ્નોફ્લો વચ્ચે ભારે ટ્રાફિક જામમાં ફસાયા એક હજારથી વધુ વાહનો

**। (એજન્સી) મનાલી, તા.૨૪ ।**

ક્રિસમસ અને નવા વર્ષના સેલિબ્રેશન માટે લોકો પહાડીઓમાં જવાનું પસંદ કરે છે. ત્યારે પ્રવાસીઓ હાલમાં ટ્રાફિક જામમાં ફસાય ગયા છે. હિમાચલ પ્રદેશના મનાલીમાં સોલંગથી લઈ અટલ ટનલ સુધી એક હજારથી વધુ વાહનો ફસાયા છે. વર્ષ ૨૦૨૪નો છેલ્લો મહિનો ચાલી રહ્યો છે.નવા વર્ષ અને નાતાલના સેલિબ્રેશનને લઈ લોકો હાલમાં પહાડો પર જવાનો પ્લાન કરી રહ્યા છે પરંતુ હિમાચલ પ્રદેશના મનાલીના જે વીડિયો અને ફોટો સામે આવ્યા છે. તે ખુબ જ ભયાનક છે. મનાલીથી સોલંગ નાલાથી લઈ અટલ ટનલ સુધી ૧૦૦૦થી વધુ ગાડીઓ જામમાં ફસાય છે.

### વિમાન સળગી ઊઠતાં તેના ધૂમાડાથી અનેકને ગૂંગળામણ

## બ્રાઝિલનાં પ્રેમેડોમાં વિમાન મકાનો સાથે અથડાતાં ૧૦નાં મોત, ૧૭ને ભારે ઈજા

**। (એજન્સી) બ્રાસિલીયા, તા.૨૪ ।**

દક્ષિણ બ્રાઝિલના સી-રિસોર્ટ પ્રેમેડોમાં એક નાનું વિમાન નીચે પડતાં મકાનો સાથે અથડાયું હતું અને પછી તૂટી પડયું હતું. તે દુર્ઘટનામાં ૧૦ના મોત થયા હતાં. ૧૭ને ભારે ઈજાઓ અને દાહ થયા. આ દાઝેલી વ્યક્તિઓ પૈકી બેની સ્થિતિ ગંભીર હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું.આ માહિતી આપતા નજીકના શયો-ગ્રાન્ડે દ'સુલ સ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં ૧૦ના તો સ્થળ ઉપર જ મૃત્યુ થયા હતા. જયારે ૧૭ને ઈજાઓ થઈ હતી. દાહ પણ થયા હતા. આ દાઝેલી વ્યક્તિઓ પૈકીની બેની સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. તેમ પણ અધિકારીઓએ જણાવ્યું હતું.



## ત્રણ આરોપીને કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ પર સોંપ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

સાબરમતી વિસ્તારમાં પત્ની સાથે અણબનાવમાં પાર્સલ બોમ્બ બનાવી વિસ્ફોટ કરવાના કેસમાં પોલીસે ત્રણ આરોપીને ઝડપી લીધા છે. આરોપીઓને ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં. કોર્ટે ત્રણ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. મુખ્ય આરોપી રૂપેને દેશી બોમ્બ, પિસ્તોલ બનાવવાની ટ્રેનિંગ લીધા અંગે પોલીસે તપાસ આદરી છે. પાર્સલ બ્લાસ્ટ કેસ મામલે ઝડપાયેલા રૂપેન કિશોરભાઈ રાવ (બારોટ), ગૌરવ નીકુંજભાઈ ગઢવી અને રોહન ઉર્ફે રોકી યોગેશભાઈ રાવળને પોલીસે કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. સરકારી વકીલે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીઓએ ગુનાઈત કાવતરું રચી ગુનાને અંજામ આપ્યો છે તો ગુનો કરતા પહેલાં આરોપીઓ ક્યાં ભેગા થયા હતા, આરોપીઓ સિવાય બીજુ કોણ કોણ ગુનો કરવામાં સામેલ છે, આરોપીના ઘરેથી વિસ્ફોટક સામગ્રી મળી આવી છે તે સામગ્રી તેણે ક્યાંથી કેવી રીતે મગાવી હતી અને પાર્સલ ક્યાંથી મગાવ્યું હતું અને કોની મદદથી પાર્સલ તૈયાર કર્યું, આરોપીએ ગુનામાં ક્રેટા ગાડી વાપરી હતી તે કોની છે, વિસ્ફોટક સામગ્રી મામલે ટેકનિકલ એનાલિસિસ ટીમ સાથે રાખી આરોપીઓની પૂછપરછ જરૂરી છે, આરોપીએ વિસ્ફોટક પાર્સલ કોની મારફતે મોકલ્યું હતું, આરોપીએ બોમ્બ કેવી રીતે બનાવ્યો હતો અને આ માટે તેને ટ્રેનિંગ લીધી હતી, આરોપીને કેટલા સમયથી પત્ની સાથે અણબનાવ હતો, મુખ્ય આરોપી રૂપેન સાથે અન્ય આરોપીઓ કેવી રીતે સંપર્કમાં આવ્યા હતા અને ગુના સિવાય અન્ય કોઈ જગ્યાએ દેશી બોમ્બ બનાવ્યો છે કે નહીં, આરોપીઓના સીમકાર્ડ ડેટા મેળવી તેઓ કોની સાથે સંપર્કમાં હતા તેની તપાસ કરવાની છે, આરોપીઓએ આ રીતે બીજી કોઈ જગ્યાએ ગુનો કર્યો છે કે નહીં સહિતના મુદ્દાની તપાસ માટે સાત દિવસના રિમાન્ડની જરૂર છે. બચાવ પક્ષના વકીલે રિમાન્ડ નહીં આપવા અંગે દલીલ કરતા જણાવ્યું હતું કે જે આરોપીઓ જાણતા હતા તે પોલીસ તપાસમાં સામે આવી ચૂકી છે.

### જોગવાઈમાં ફેરફારને પગલે સાયન્સ તરફ વિદ્યાર્થીઓ આકર્ષાશે

## હવે સાયન્સમાં ગ્રૂપ બદલીને પણ અભ્યાસ કરી શકાશે

### ધો.૧૧ સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.૧૨ સાયન્સમાં ગમે તે ગ્રૂપ લઈ શકશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હવે ધો.૧૧ સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.૧૨ સાયન્સમાં ગમે તે ગ્રૂપ પસંદ કરી અભ્યાસ કરી શકશે. આ ઉપરાંત ધો.૧૧ સાયન્સમાં બીજા સત્રના અંત સુધીમાં પણ ગ્રૂપ બદલી અભ્યાસ કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ધો.૧૨ સાયન્સમાં ગ્રૂપ-Bમાં નાપાસ થયેલો વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB પસંદ કરી શકશે. જ્યારે ધો.૧૨ સાયન્સમાં ગ્રૂપ-Bમાં પાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારાના પગલે વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં લાભ થશે. પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના અનુસંધાને શિક્ષણ વિભાગે ઠરાવ બહાર પાડ્યો છે. જેમાં પરીક્ષાને લઈને મહત્વના સુધારા કરવામાં આવ્યા છે.

શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં કરવામાં આવેલા સુધારામાં બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધો.૧૨ સાયન્સમાં ગ્રૂપ-B સાથે પાસ થયેલા વિદ્યાર્થી ઈચ્છે તો જે વર્ષે ગ્રૂપ-B સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તરત જ આવતી પૂરક પરીક્ષા અથવા તો તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા અથવા પૂરક પરીક્ષા ધો.૧૨ ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે આપી શકશે. હાલના નિયમમાં આ પ્રકારની જોગવાઈ ન હતી. પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર આ જોગવાઈ કરવામાં આવી છે. જેથી B ગ્રૂપના વિદ્યાર્થીઓ વર્ષ બગાડ્યા વગર જ ગણિત સાથે પરીક્ષા પાસ કરી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત હાલની જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે. પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે તથા ધો.૧૨ સાયન્સમાં ગ્રૂપ-B સાથે નાપાસ થયેલા વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ- Bના બદલે ગ્રૂપ-A અથવા ગ્રૂપ- AB પસંદ કરી પરીક્ષા આપી શકશે. જેથી વિદ્યાર્થી નાપાસ થયા બાદ પોતાનો ગ્રૂપ બદલીને બાકીના બે ગ્રૂપ પૈકી ગમે તે ગ્રૂપ લઈ શકશે.

### આ કાર્યક્રમમાં વિવિધ આયોજન કરવામાં આવ્યા છે

## અમદાવાદ શહેરના કાંકરિયા ખાતે ૧૫માં કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ

### લોકોના મનોરંજન માટે અનેક કલાકારો પણ હાજરી આપવાના છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

આજથી અમદાવાદ શહેરના કાંકરિયા ખાતે ૧૫માં કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થશે. ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી ચાલનારા કાંકરિયા કાર્નિવલનો કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રારંભ કરાવશે. ૭ દિવસ સુધી કાંકરિયા કાર્નિવલમાં સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમ યોજાશે. કાંકરિયા કાર્નિવલમાં ૨૫ લાખ લોકો મુલાકાત લે તેવી શક્યતા છે. આકસ્મિક ઘટના માટે ૫ હજાર કરોડ રૂપિયાનો વીમો પણ લેવાયો છે. સાથે ૭ દિવસ સુધી અહીંયા પોલીસનો બંદોબસ્ત ગોઠવાશે. કાંકરિયા કાર્નિવલ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનો માટે રંગારંગ સાંસ્કૃતિક તેમજ મનોરંજનના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તે મુજબ આ વર્ષે પણ કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ દરમિયાન સાતેય દિવસ વિવિધ રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૫માં કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ના પ્રથમ દિવસે મ્યુનિસિપલ સ્કુલ અને આંગણવાડીમાં અભ્યાસ કરતા ૧૦૦૦ જેટલા બાળકો દ્વારા સામૂહિક રીતે એક સાથે કેન્ડી/ચોકલેટ ખોલીને અને તેને સંપૂર્ણ ખાઈને ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમજ થીમ બેઝ કાર્નિવલ પરેડ તેમજ વિકસિત ગુજરાત વિકસિત ભારત થીમ આધારીત કાર્નિવલ હંગામા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લાઈટ એન્ડ સાઉન્ડ શૉ, લેસર શૉ અને ડ્રોન શૉનું આયોજન કરવામાં આવેલ છે. કાંકરીયા કાર્નિવલ ૨૦૨૪ દરમિયાન નગરજનોના મનોરંજન માટે સાતેય દિવસો દરમ્યાન વિવિધ રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો અંતર્ગત જાણીતા કલાકરો જેમ કે, સાંઈરામ દવે, ગીતાબેન રબારી, કિંજલ દવે, રાગ મહેતા, ઈશાની દવે, કૈરાવી બુચ, પ્રિયંકા બાસુ, અપેક્ષા પંડ્યા, દેવિકા રબારી દ્વારા ગીત સંગીત તેમજ લોક ડાયરાના કાર્યક્રમો રજુ કરવામાં આવશે. કાર્નિવલ દરમિયાન મનન દેસાઈ, દિપ વૈદ્ય, ચિરાયુ મિસ્ત્રી, અમીત ખુવા, સુરજ બરાલીયા દ્વારા સ્ટેન્ડ અપ કોમેડી શો, અતુલ બ્રહ્મભટ્ટ દ્વારા ગઝલ કાર્યક્રમ, મેઘધનુષ, સરફીરે, એહસાસ બેન્ડ જેવા જાણીતા રોક બેન્ડ્સ દ્વારા રોક બેન્ડ પર્ફોર્મન્સ રજુ કરવામાં આવશે.

### ભાવનગરમાં વિદ્યાર્થિની પર

## દુષ્કર્મ આચરનાર શખ્સને કોર્ટે ફટકારી ૨૦ વર્ષની કેદની સજા

### ધો.૧૦માં અભ્યાસ કરી રહેલી એક સગીરાને તેના માતા-પિતાને મારી નાંખવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યુ હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ભાવનગરમાં પાંચ વર્ષ પૂર્વે વિદ્યાર્થિની ઉપર શખ્સે બળાત્કાર ગુજાર્યાના કેસમાં કોર્ટે ૨૦ વર્ષ સખત કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે. શહેરના ગોળીબાર હનુમાનજી મંદિરની બાજુમાં શાંતિનાથ એપાર્ટમેન્ટ, રૂમ નં.૩૮માં રહેતો અંકીત દીપકભાઈ દોશી નામના શખ્સે સવા પાંચ વર્ષ પૂર્વે ધો.૧૦માં અભ્યાસ કરી રહેલી એક સગીરાને તેના માતા-પિતાને મારી નાંખવાની ધમકી આપી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. તા.૧૧-૦૯-૨૦૧૯ના રોજ ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે અંકિત દોશી નામના શખ્સની ધરપકડ કરી જરૂરી તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી હતી. દરમિયાન કેસ ભાવનગરના ત્રીજા એડીશિનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં ચાલી ગયો હતો.આરોપી અંકિત દોશી સામે IPC376 (૨) (એફ) (એન), ૫૦૬ (૨), પોક્સો એક્ટની લાદવામાં આવી છે. પોક્સો એક્ટની કલમ ૬ અન્વયે ૨૦ વર્ષ સખત કેદની સજા, રૂા.૫૦ હજારનો રોકડ દંડ ફટકાર્યો છે.

## ભડલી ગામે સરકારી ખાતરના નામે ખેડૂતો સાથે કરાઈ ગેરરીતિ

। ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરના સિહોર તાલુકાના ભડલી ગામે સરકારી ખાતરના નામે ખેડૂતો સાથે ગેરરીતિ કરવામાં આવી હોવાનું લામે આવ્યું છે. સિંહોરના ભડલી ગામે ખેડૂતને સરકારી ખાતરમાંથી પથ્થર નીકળતા રોષ ફેલાયો હતો. જેમાં ભારત ડી.એ.પી. ની ખાતરની થેલીઓમાંથી પથ્થર અને રેતી નીકળ્યા હતા.એક તરફ ભાવ, હવામાન અને મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગયેલા ખેડૂતોને પડ્યા પર પાટુ લાગ્યું હોય તેવો ઘાટ થયો છે. ભડલીના ખેડૂત બળભદ્રસિંહએ ખરીદી કરેલી ખાતરની થેલીમાં રેતી અને પથ્થર નીકળતા ખેડૂત ચિંતામાં મુકાયા છે.

### બૂટલેગરો બાળકો પાસે દારૂની પેટીઓ ઉતરાવતો વીડિયો વાયરલ થયો હતો

## પોલીસને પડકાર ફેંકતો વીડિયો વાયરલ થતાં સ્ટેટ મોનિટરિંગ સેલે ફરિયાદ નોંધાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં દારૂનું દૂષણ સતત વધી રહ્યું છે ત્યારે સોશિયલ મીડિયા પર રાજસ્થાનથી ગુજરાતમાં દારૂની ડિલિવરી કરવાના વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોમાં બાળકો દારૂની પેટીઓ ઉતારતા હોવાનું દર્શાવવામાં આવતું હતું. આ અંગે રાજ્યના પોલીસ વડાએ સ્ટેટ મોનિટરિંગ સેલને તપાસ સોંપી હતી. તપાસ દરમિયાન આ વીડિયો વાયરલ કરવાના કેસમાં પોલીસ ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. આ પ્રકરણમાં પોલીસે વીડિયો વાયરલ કરનારની તલાશ આદરી છે, જેમાં બે સગીર હોવાનું ખૂલ્યું છે. બૂટલેગરો પોલીસ અને અન્યથી બચવા માટે દારૂની ખેપ મારતી વખતે પોતાની સાથે બાળકો રાખતા હોય છે જેથી સલામત રીતે દારૂની ખેપ મારી શકાય.થોડા દિવસ પહેલા સોશિયલ મીડિયા પર રાજસ્થાન ગુજરાતમાં દારૂની ડિલિવરીના વીડિયો વાયરલ થયા હતા. જેમાં દારૂની ડિલિવરી કરવા જતાં બૂટલેગરો પોતાની સાથે નાના બાળકોને રાખતા હતા. બનાસકાંઠામાં આ વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ વીડિયો જુદા જુદા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કરવામાં આવ્યો હતો. ચાર ઈન્સ્ટગ્રામ આઈડી પ્લેટફોર્મ પરથી વીડિયો વાયરલ કરાયા હોવાનું જણાયું હતું. આ વીડિયોમાં જોવા મળે છે કે એક ગાડીમાં દારૂની ડિલિવરી કરવામાં આવી રહી છે. જ્યારે પાછળની સીટમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ ચાર આઈડી પૈકી એક દશરથ ઠાકોરનું, એક સ્વરૂપસિંહ લવારા અને બે એકાઉન્ટ સગીરના હોવાનું જાણી શકાયું છે. આ અંગે તપાસ ચાલી રહી છે.

## કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય, પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ

। (એજન્સી) કચ્છ, તા.૨૪ ।

કચ્છ જિલ્લામાં શિક્ષણ રામ ભરોસે હોય તેમ લાગી રહ્યું છે. કેમ કે ૧૭૦૦ શિક્ષકોની બદલી સામે માત્ર ૨૫ શિક્ષક જ આવતા કટોકટીની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે સવાલ એ થાય છે કે કેવી રીતે ભણશે ગુજરાત અને કેવી રીતે આગળ વધશે ગુજરાત. કચ્છ પ્રાથમિક સરકારી શાળામાં શિક્ષકોની મોટી ઘટ છે. જેથી બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે. શિક્ષકોની ઘટ હોવાથી બાળકોનું ભવિષ્ય શિક્ષણ ક્ષેત્રે અંધકારમય બની રહ્યું છે. જો કે આ મુદ્દે સરકાર પર ગંભીર બની છે ભણશે ગુજરાત તો આગળ વધશે ગુજરાત એ સરકારની વાત માત્ર કાગળ ઉપર જ હોય તેમ લાગી રહ્યું છે. સરહદી જિલ્લા કચ્છમાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની મોટી ઘટ જોવા મળી રહી છે. ૧૭૦૦ શિક્ષકની બદલી સામે માત્ર ૨૫ શિક્ષક જ આવતા કટોકટીની સ્થિતિ સર્જાઈ છે. કચ્છના પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની ઘટની અતિ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. જિલ્લામાં વધુ ૧૩૬૪ શિક્ષકો જિલ્લા ફેર બદલી કરાવીને વતનની વાટ પકડી છે. હજુ પણ જિલ્લા ફેર બદલીનો બીજો રાઉન્ડ બાકી હોવાનું પણ સામે આવી રહ્યું છે.

## ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પ્રભારી મંત્રી કુંવરજી હળપતિને પત્ર લખી નારાજગી વ્યક્ત કરી

। (એજન્સી) ભરૂચ, તા.૨૪ ।

ફરી એકવાર ભાજપના મંત્રીની ભાજપના મંત્રી સામે નારાજગી સામે આવી છે. જેમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પ્રભારી મંત્રી કુંવરજી હળપતિને પત્ર લખી નારાજગી વ્યક્ત કરી હતી.

આજે ભરૂચ ખાતે પ્રભારી મંત્રી કુંવરજી હળપતિની અધ્યક્ષતામાં જિલ્લાની આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજી હતી. આ બેઠકમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજનાની જોગવાઈ અંગે વિસ્તૃત ચર્ચા કરી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. ત્યારે ઝઘડીયા, વાલીયા અને નેત્રંગ તાલુકામાં ગુજરાત પેટર્નના કામોમાં સાંસદ મનસુખ વસાવાએ સુચવેલા કામોમાંથી મોટાભાગના કામો કાઢી નાખવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરતાં પત્ર લખી નારાજગી વ્યક્ત કરી હતી.

સાંસદ મનસુખ વસાવાએ પત્રમાં લખ્યું હતું કે ઝઘડીયા વાલીયા તથા નેત્રંગ તાલુકામાં ગુજરાત પેટર્નના કામોમાં મેં સુચવેલા કામોમાંથી મોટાભાગના કામો કાઢી નાંખ્યા છે. આ ઉપરાંત ગુજરાત પેટર્નના સભ્યોને પણ વિશ્વાસમાં લીધા નથી.

## ૪૦ વર્ષની પરિણીતાના પ્રેમમાં પડેલા ૨૪ વર્ષના યુવકે તેના ઘરમાં ઘૂસી જઇ ધમાલ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

૪૦ વર્ષની પરિણીતાના પ્રેમમાં પડેલા ૨૪ વર્ષના યુવકે તેના ઘરમાં ઘૂસી જઈ ધમાલ કરી હતી. પરિણીતાએ સંબંધ રાખવાની ના પાડતા ઉશ્કેરાયેલા યુવકે મહિલાનું ગળુ દબાવી શારીરિક છેડછાડ કરી હતી. જે અંગે સમા પોલીસે ગુનો દાખલ કરી યુવકને ઝડપી પાડયો છે. પોલીસ કહે છે કે આ યુવાન કોઈ કામ ધંધો કરતો નથી પરંતુ તેના ફેસબુક એકાઉન્ટ પર રેડી ફ્યુઅલ નામના ખાનગી કંપનીના પેટ્રોલ પંપ પર ફરજ બજાવે છે અને તેની ધરપકડ પણ પેટ્રોલ પંપ પરથી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ યુવક ભાજપના અગ્રણીના પરિવારના સભ્યોના પેટ્રોલ પંપ પર કામ કરે છે તેવી માહિતી બહાર આવી છે. ત્યારે પોલીસે આ સમગ્ર બાબત છુપાવી હોવાનું જાણવા મળે છે. પતિ, બે સંતાનો અને સાસુ સાથે રહેતી ૪૦ વર્ષની પરિણીતાનો સંપર્ક થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામ પર ૨૪ વર્ષના સ્મિત કલ્પેશભાઈ શાહ (રહે. પ્રતિમા સોસાયટી, વાઘોડિયા રોડ) સાથે થયો હતો. બંને સોશિયલ મીડિયા પર એકબીજાના સંપર્કમાં હતા. યુવક પ્રેમસંબંધ માટે જીદ કરતો હતો.

**વિશેષ** | મંત્રીએ ખેડા જિલ્લા આચાર્ય સંઘના સહકાર ભવન ખાતે યોજાયેલા શૈક્ષણિક-વહીવટી અધિવેશનમાં ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન પુરૂં પાડ્યુ

## મૂલ્ય આધારિત શિક્ષણ વ્યક્તિ નિર્માણ, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણ માટે મહત્વનું બની રહેશે : ડો. કુબેરભાઈ ડીંડોર

। (માહિતી) નર્મદા ।





ભારતમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાના નિયમિત પ્રયાસોના ભાગરૂપે, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM)ની નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત સહકાર ભવન ખાતે ત્રિ- દિવસીય અખિલ ભારતીય કાર્યકર્તા સંગોષ્ઠી યોજાઈ રહી છે. જેમાં દેશભરનાં ૩૩ પ્રાંતના શિક્ષણ સાથે સંકળાયેલા લોકોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, પ્રાથમિક-માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રીશ્રી પ્રો.ડો. કુબેરભાઈ ડીંડોરે ઉપસ્થિત રહી મૂલ્ય આધારિત શિક્ષણનું મહત્વ અને તેના થકી વ્યક્તિ નિર્માણ, સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણનાં આયામો તેમજ ગુજરાતમાં અમલી શિક્ષણ વ્યવસ્થા ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાની બેઠક ૨૩મી ડિસેમ્બરથી શરૂ થઈ હતી. રાષ્ટ્ર કે હિત મેં શિક્ષક, શિક્ષક કે હિત મેં સમાજની ભાવના સાથે નવમું અધિવેશન એકતાનગર ખાતે યોજાયું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી ઓલ ઈન્ડિયા ટીમના સભ્યોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં સંગઠનાત્મક મુદ્દાઓ અને રાષ્ટ્રીય સ્તરે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટેની ભવિષ્યની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેનો લાભ વિદ્યાર્થીઓને થશે અને દેશના યોગદાનમાં મહત્વની ભૂમિકા સાબિત થશે. ત્રિ-દિવસીય શિબિરના બીજા દિવસે ઉપસ્થિત થયેલા મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સહિત અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રજ્વલન બાદ મંત્રીશ્રીએ તેઓના ઉદબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે શિક્ષણમાં ગહન સંશોધન બાદ રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ લાગુ કરી છે. તેનો સમગ્ર દેશમાં સુવ્યવસ્થિત અમલીકરણ માટે અનેક તબક્કે પ્રયાસો થઈ રહ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવી શિક્ષણ નીતિનું અમલીકરણ થઈ રહ્યું છે. શિક્ષણ મંત્રીએ ગુજરાત સરકારની આ પહેલની પ્રશંસા કરી હતી. જેમાં ભારતના સાચા ઈતિહાસને અભ્યાસક્રમમાં સામેલ કરાયું છે. શિક્ષણ ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ માટે સરકાર અને ABRSM જેવી સંસ્થાઓ વચ્ચે સંયુક્ત પ્રયાસોની જરૂરિયાત પર પણ મંત્રીશ્રીએ ખાસ ભાર મૂક્યો હતો. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, નવી પેઢીને નૈતિક રીતે મજબૂત અને સાંસ્કૃતિક રીતે પ્રસ્થાપિત કરવા માટેના મૂલ્ય આધારિત શિક્ષણને અભ્યાસક્રમમાં સમાવેશ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. "શિક્ષણ માત્ર શૈક્ષણિક મુદ્દાઓ પૂરતું મર્યાદિત ન રહેવું જોઈએ, પરંતુ તેમાં મૂલ્યો, નૈતિકતા અને વિદ્યાર્થીઓમાં જવાબદારીની સંઘ ભાવનાનો સંચાર થાય તેવું હોવું જોઈએ. ABRSM જેવી સંસ્થાઓ ભારતીય શિક્ષણ પદ્ધતિ અને વારસાને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવો મને વિશ્વાસ છે. આ વેળાએ ABRSMના મહામંત્રી પ્રો. ગીતા ભટ્ટે બેઠકના ઉદ્દેશ્યો પર પ્રકાશ પાડતા સંગઠનના લક્ષ્યોને હાંસલ કરવા માટે સભ્યો વચ્ચે સહકાર અને પ્રતિબદ્ધતાની મહત્વતા અંગે જાણકારી આપી હતી. આ બેઠકમાં ABRSMના અધ્યક્ષશ્રી પ્રો. નારાયણલાલ ગુપ્તા, છર્મ્ઈજીસ્ના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી મહેન્દ્ર કપૂર, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી મહેન્દ્રકુમાર, રાષ્ટ્રીય સંયુક્ત સંગઠન સચિવ શ્રી જી. લક્ષ્મણજી સહિત દેશભરના ૩૩ પ્રાંતમાંથી હાજર શિક્ષકોએ મુખ્ય શૈક્ષણિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બાદમાં મંત્રીશ્રીએ સહકાર ભવન ખાતે જ ખેડા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંઘના શૈક્ષણિક અને વહીવટી અધિવેશનમાં ઉપસ્થિત થઈને શિક્ષણના સારસ્વતોને પ્રેરક માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. આ વેળાએ મંત્રીશ્રીએ જણાવ્યું કે, એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંદેશો આપતી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના સાનિધ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં વધું સારુ કઈ રીતે કરી શકાય તે માટે થઈ રહેલા કાર્યોના ચિંતન માટે એકત્ર થયા છીએ ત્યારે સમાજ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણના કાર્યને વધુ મજબૂતાઈથી આગળ ધપાવવા માટે સાચા અર્થમાં દલિત, આદિવાસી અને ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થાઓને પણ આગળ લઈ જવી છે. તેમાં શાળાના આચાર્યશ્રીઓની પણ વિશેષ જવાબદારી બને છે. સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કેડરની ભરતી પ્રક્રિયામાં અગ્રેસર થઈને ઉચ્ચ હોદ્દા સુધી જઈ શકે તે માટેના તમામ પ્રયાસો સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નક્કી કરેલા વિકસીત ભારત-૨૦૪૭ના સંકલ્પને સિદ્ધ કરવામાં આપણી ભાગીદારી નોંધાવીએ તે માટે બાળકોને સજ્જ બનાવવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી જે.પી.પટેલ, ખેડા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખશ્રી રજનીભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી રાકેશભાઈ પંડ્યા, નર્મદા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખશ્રી નિલેશભાઈ વસાવા, નર્મદા જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ, નાયબ કલેક્ટર પ્રોટોકોલશ્રી એન.એફ.વસાવા, નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદ મછાર સહિત ખેડા જિલ્લા આચાર્ય સંઘના હોદ્દેદારો અને શાળાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન હોસ્પિટલમાં દાખલ, હાલત સ્થિર

। (એજન્સી) અમેરિકા,તા.૨૪ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. યુએસ સમય અનુસાર સોમવારે બપોરે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૭૮ વર્ષના બિલ ક્લિન્ટનને તાવના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફે માહિતી આપી હતી કે કોઈ કટોકટી નથી. બિલ ક્લિન્ટને ૧૯૯૩ થી ૨૦૦૧ સુધી યુનાઈટેડ સ્ટેટ્સના ૪૨મા રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી. ક્લિન્ટને ૨૦૦૧માં વ્હાઈટ હાઉસ છોડ્યા પછીના વર્ષોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.લાંબા સમય સુધી છાતીમાં દુખાવો અને શ્વાસની તકલીફ પછી ૨૦૦૪માં તેણે ક્વોડ બાયપાસ સર્જરી કરાવી હતી. તે ૨૦૦૫માં આંશિક રીતે ભાંગી પડેલા ફેફસાંની સર્જરી માટે હોસ્પિટલમાં ગયો હતો અને પછી ૨૦૧૦માં તેની કોરોનરી ધમનીમાં સ્ટેન્ટની જોડી મૂકવામાં આવી હતી.

## બિહાર શિક્ષણ વિભાગમાં મોટો ગોટાળોઃ પુરુષ શિક્ષકને મળી પ્રસૂતિ રજા

। (એજન્સી) બિહાર, તા.૨૪ ।

બિહારના શિક્ષણ વિભાગને લઈ ફરી એકવાર મોટા સમાચાર સામે આવ્યા છે. બિહારના શિક્ષણ વિભાગમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક પુરુષ શિક્ષકને ગર્ભવતી બતાવીને પ્રસૂતિ રજા આપવામાં આવી હતી. બિહારમાં મહિલા શિક્ષિકાની સાથે સાથે શું પુરૂષ શિક્ષકોને પણ પ્રસૂતિ રજા મળવા લાગી છે ? જોકે આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર ભારે હાસ્યનો માહોલ સર્જાયો છે. હાજીપુર મહુઆ બ્લોક વિસ્તારની હસનપુર ઓસાટી હાઈસ્કૂલમાં ફરજ બજાવતા જિતેન્દ્ર કુમાર સિંહ નામના શિક્ષકને શિક્ષણ વિભાગના પોર્ટલ ઈ શિક્ષા કોશ પર ગર્ભવતી બતાવવામાં આવ્યા હતા અને તેમને પ્રસૂતિ રજા આપવામાં આવી હતી. આ મામલો સામે આવ્યા બાદ શિક્ષણ વિભાગની કાર્યપ્રણાલી પર સવાલો ઉઠી રહ્યા છે.શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ, પોર્ટલમાં થયેલી તકનીકી ખામીને કારણે આ ભૂલ થઈ ગઈ હતી. બ્લોક એજ્યુકેશન ઓફિસર અર્ચના કુમારીએ આ ભૂલ સ્વીકારી છે અને કહ્યું છે કે પુરુષ શિક્ષકોને પ્રસૂતિ રજા આપવાનું કોઈ નિયમ નથી. આ ખામીને જલ્દીથી સુધારી લેવામાં આવશે.

## પંજાબમાંથી પોલીસ દ્વારા ગે સીરિયલ કિલરની ધરપકડ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૪ ।

પંજાબમાંથી પોલીસ ગે સીરિયલ કિલરની ધરપકડ કરી હતી. તે સંબંધ બાંધી પૈસા ન આપતો પુરુષોની હત્યા કરતો હતો અને બાદમાં તેમની માફી પણ માંગતો હતો. તેણે ૧૦થી વધુ હત્યા કરી હોવાનો પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો હતો. પંજાબની રોપર પોલીસે જણાવ્યું, આરોપી ગે છે અને માત્ર રસ્તા પર રહેતા લોકો જ તેનો ભોગ બનતા હતા. પૂછપરછ દરમિયાન આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે તે પહેલા પુરુષો સાથે શારીરિક સંબંધ બાંધતો હતો. ત્યારબાદ લૂંટ ચલાવતો અને હત્યા કરી નાંખતો હતો. એક પત્રકાર પરિષદને સંબોધતા રોપરના એસએસપી ગુલનીત સિંહ ખુરાનાએ જણાવ્યું હતું કે આરોપી રામ સરૂપ ઉર્ફે સોઢીએ કીરતપુર સાહિબ નજીક મૌરા ટોલ પ્લાઝા નજીક ગુનો કર્યો હતો. રોપર જિલ્લામાં ત્રણ હત્યાઓ બની હતી. રામ સરૂપે ત્રણેય ઘટનાને અંજામ આપ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ૧૦ થી વધુ લોકોની હત્યા કરવાની કબૂલાત કરી હતી.



ગુજરાત સહિત સમગ્ર દેશમાં નાતાલની ઉજવણી કરવામાં આવે છે ત્યારે ચિકમગલુરમાં પૂર્વસંધ્યાએ નાતાલની ઉજવણી કરતા બાળકો.

# ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ આવતા વર્ષે પાકિસ્તાન દ્વારા યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરી દીધું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૩ ફેબ્રુઆરીએ દુબઈમાં મેચ રમાશે. ટુર્નામેન્ટમાં ભારતની પહેલી મેચ બાંગ્લાદેશ સામે થશે. આ મેચ પણ દુબઈમાં જ રમશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હાઈબ્રિડ મોડલ માટે UAEની પસંદગી કરી હતી. તેથી ભારતીય ટીમ તેની તમામ મેચ યુએઈમાં જ રમશે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ મેચ લાહોરમાં રમાશે. પરંતુ જો ભારતીય ટીમ ફાઈનલમાં પહોંચશે તો તે દુબઈમાં રમાશે.

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં કુલ ૮ ટીમો વચ્ચે કુલ ૧૫ મેચ રમાશે. તમામ ટીમોને ૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપ-છમાં સામેલ કરવામાં આવ્યા છે. આ સિવાય ગ્રુપ-છમાં બે ટીમો ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશ સામે છે. જ્યારે દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને ઈંગ્લેન્ડને ગ્રુપ-Bમાં રાખવામાં આવ્યા છે.

**ગ્રૂપ-A - પાકિસ્તાન, ભારત, ન્યૂઝીલેન્ડ, બાંગ્લાદેશ**

**ગ્રૂપ-B - દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઈંગ્લેન્ડ**

**ICC મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શેડ્યૂલ**

| | | |
|---|---|---|
| ૧૯ ફેબ્રુઆરી | – | પાકિસ્તાન વિ. ન્યૂઝીલેન્ડ, નેશનલ સ્ટેડિયમ, કરાચી |
| ૨૦ ફેબ્રુઆરી | – | બાંગ્લાદેશ વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ |
| ૨૧ ફેબ્રુઆરી | – | અફઘાનિસ્તાન વિ. દક્ષિણ આફ્રિકા, કરાચી |
| ૨૨ ફેબ્રુઆરી | – | ઑસ્ટ્રેલિયા વિ. ઈંગ્લેન્ડ, ગદ્દાફી સ્ટેડિયમ, લાહોર |
| ૨૩ ફેબ્રુઆરી | – | પાકિસ્તાન વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ |
| ૨૪ ફેબ્રુઆરી | – | બાંગ્લાદેશ વિ. ન્યૂઝીલેન્ડ, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી |
| ૨૫ ફેબ્રુઆરી | – | ઓસ્ટ્રેલિયા વિ. દક્ષિણ આફ્રિકા, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી |
| ૨૬ ફેબ્રુઆરી | – | અફઘાનિસ્તાન વિ. ઈંગ્લેન્ડ, ગદ્દાફી સ્ટેડિયમ, લાહોર |
| ૨૭ ફેબ્રુઆરી | – | પાકિસ્તાન વિ. બાંગ્લાદેશ, રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ, રાવલપિંડી |
| ૨૮ ફેબ્રુઆરી | – | અફઘાનિસ્તાન વિ. ઓસ્ટ્રેલિયા, ગદ્દાફી સ્ટેડિયમ, લાહોર |
| ૧ માર્ચ | – | દક્ષિણ આફ્રિકા વિ. ઈંગ્લેન્ડ, નેશનલ સ્ટેડિયમ, કરાચી |
| ૨ માર્ચ | – | ન્યૂઝીલેન્ડ વિ. ભારત, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ |

**ક્યાં રમાશે ટુર્નામેન્ટની સેમિ ફાઈનલ અને ફાઈનલ મેચ**

| | | |
|---|---|---|
| ૪ માર્ચ | – | સેમિ ફાઈનલ-૧, દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, દુબઈ |
| ૫ માર્ચ | – | સેમિ ફાઈનલ-૨, ગદ્દાફી સ્ટેડિયમ, લાહોર |
| ૯ માર્ચ | – | ફાઈનલ - ગદ્દાફી સ્ટેડિયમ, લાહોર |
| ૧૦ માર્ચ | – | રિઝર્વ ડે |

## ક્રિકેટર વિનોદ કાંબલીની તબિયત બગડવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

દેશના પૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલીની તબિયત બગડવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની થાણેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ખેલ પ્રેમીઓમાં એવો પ્રશ્ન છે કે વિનોદ કાંબલીને ખરેખર શું થયું છે? કારણ કે તેઓ પહેલાથી જ કેટલીક બીમારીઓથી પીડિત છે. હવે તેમના મેડિકલ રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના બાળપણના મિત્ર વિનોદ કાંબલીની બીમારી ચિંતાજનક છે. ત્રણ અઠવાડિયા પહેલા એક કાર્યક્રમમાં આવેલા વિનોદ કાંબલીની હાલત અંગે ઘણા લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ ૨૧ ડિસેમ્બર શનિવારના રોજ તેમને થાણેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયત વધુ બગડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

## ડ્રગ માફિયા સુનીલ યાદવની હત્યા, કહ્યું- દુશ્મન બચી નહીં શકે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

ડ્રગ સ્મગલર સુનીલ યાદવની હત્યા બાદ લોરેન્સ બિશ્નોઈ ગેંગ ફરી એકવાર ચર્ચામાં છે. લોરેન્સના સહયોગી ગોલ્ડી બરાર અને રોહિત ગોદારાએ સુનીલ યાદવની હત્યાની જવાબદારી લીધી છે. પોલીસે જણાવ્યું કે, ૨૨ ડિસેમ્બરના રોજ કેલિફોર્નિયાના સ્ટોકટનમાં સુનીલ યાદવ પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. લોરેન્સ બિશ્નોઈ ગેંગના શૂટરોએ આ ઘટનાને અંજામ આપ્યો છે. ગેંગનું કહેવું છે કે, અમે અમારા એક સહયોગી અંકિત ભાદુનો બદલો લીધો છે. ગેંગનું એમ પણ કહેવું છે કે સુનીલ યાદવ પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં યુવાનોને ડ્રગ્સ સપ્લાય કરતો હતો. વર્ષ ૨૦૧૯માં અંકિત ભાદુનું જીકરપુરમાં પંજાબ પોલીસની ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ કંટ્રોલ યુનિટ (OCCU) એ એન્કાઉન્ટર કર્યું હતું. અંકિત એક શૂટર હતો અને તેના પર હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી સહિતના ઘણા કેસ ચાલી રહ્યા હતા. બિશ્નોઈ ગેંગનું કહેવું છે કે, તેમના એન્કાઉન્ટરમાં સુનીલ યાદવ પણ સામેલ હતો, જેનો અમે બદલો લીધો છે. તો ચાલો જાણીએ કે કોણ હતો સુનીલ યાદવ, કોણ હતો અંકિત ભાદુ અને બિશ્નોઈ ગેંગની સુનીલ સાથે શું દુશ્મની હતી. રોહિત ગોદારાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર એક પોસ્ટ કરીને સુનીલ યાદવની હત્યાની જવાબદારી લીધી છે. તેણે કહ્યું ,કે અમે સુનીલ યાદવ ઉર્ફે ગોલિયા વિરમ ખેડા અબોહરના સ્ટોકટનમાં મકાન નંબર ૬૭૦૬માં હત્યાની જવાબદારી લઈએ છીએ. કારણ કે તેણે અમારા ભાઈ અંકિત ભાદુનું એન્કાઉન્ટર કરાવ્યું હતું. રોહિત ગોદારાએ એવી ધમકી પણ આપી છે કે, તેના એન્કાઉન્ટરમાં જે પણ સામેલ હતા તેનો બદલો લેવામાં આવશે. તેણે આરોપ લગાવ્યો કે, સુનીલ યાદવના કારણે હરિયાણા, પંજાબ અને રાજસ્થાનના યુવાનોને નશાની લત લાગી ગઈ છે. તે પોલીસ સાથે મળીને ડ્રગ્સ વેચતો હતો અને ગુજરાતમાં તેના નામે ૩૦૦ કિલો ડ્રગ્સનું પ્રિસ્ક્રિપ્શન પણ છે. જ્યારે અંકિતના એન્કાઉન્ટરમાં સુનીલની સંડોવણી બહાર આવી ત્યારે તે પોલીસની મદદથી અમેરિકા ભાગી ગયો અને ત્યાં જઈને ગેંગના સભ્યો વિશે માહિતી આપવાનું શરૂ કર્યું. રોહિતે કહ્યું કે સુનીલ યાદવ પંજાબ પોલીસના પ્રભાવમાં રહેતો હતો અને કહેતો હતો કે કોઈ અમારું શું બગાડી લેશે અમે ઈન્ટેલિજન્સ પોલીસમાં ભરતી છીએ. તે અમારા ગ્રુપનો હિસ્સો હોવાનો દાવો કરીને પોલીસને અમારા ભાઈઓ વિશે માહિતી આપતો હતો. પોસ્ટના અંતમાં રોહિત ગોદારાએ તેના દુશ્મનોને ધમકી આપી છે કે તેઓ દુનિયાના કોઈપણ ખૂણે જવા માટે તૈયાર રહે અમે દરેક વ્યક્તિ સુધી પહોંચી જઈશું.

### ન્યૂયોર્ક એક ખૂબ જ ભયાનક ઘટનાથી હચમચી ગયું

# ન્યુયોર્કમાં ટ્રેનમાં સૂતેલી મહિલાને જીવતી સળગાવી દેવામાં આવી

### સબવે પર રવિવારે, કોની આઇલેન્ડ-સ્ટિલવેલ એવન્યુ સ્ટેશન પર ટ્રેનની અંદર એક સૂતી મહિલાને આગ લાગી હતી

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૪ ।

ન્યૂયોર્ક એક ખૂબ જ ભયાનક ઘટનાથી હચમચી ગયું છે. અહીં સબવે પર રવિવારે, કોની આઈલેન્ડ-સ્ટિલવેલ એવન્યુ સ્ટેશન પર ટ્રેનની અંદર એક સૂતી મહિલાને આગ લાગી હતી. NYPD કમિશનર જેસિકા ટિશ દ્વારા સૌથી વિકરાળ ગુનાઓ પૈકીના એક તરીકે વર્ણવવામાં આવેલા હુમલાએ પીડિતાનો જીવ લીધો અને અન્ય મુસાફરોને ભયભીત કરી દીધા. આ ઘટના સવારે સાડા સાત વાગ્યે બની હતી. સ્ટેશન પર ટ્રેન ઊભી હતી. ત્યારપછી એક વ્યક્તિ પીડિતાની નજીક પહોંચ્યો જે ટ્રેનના ડબ્બાના છેડે શાંતિથી બેઠો હતો. આ વ્યક્તિએ પીડિતાના કપડામાં આગ લગાવવા માટે લાઈટરનો ઉપયોગ કર્યો હતો. ટિશે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હુમલાખોર ખૂબ જ શાંતિથી પીડિતાની નજીક પહોંચ્યો અને તેના કપડાને આગ લગાડી દીધી, જે થોડી જ સેકન્ડોમાં સંપૂર્ણપણે સળગવા લાગી.' પેટ્રોલિંગ અધિકારીઓએ ધુમાડો અને આગ જોયા અને મહિલાને સળગી રહેલી જોવા મળી. જો કે તેઓએ તાત્કાલિક આગ બુઝાવી દીધી હતી, પરંતુ મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાનો એક ભયાનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં હુમલાખોર મહિલાને સળગતી જોઈ રહ્યો હતો. હુમલાખોર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પરંતુ સતર્ક નાગરિકો અને અધિકારીઓની બુદ્ધિમત્તાને કારણે તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવી.

## ગોવામાં ક્રિસમસ તહેવાર પહેલા તણાવનું વાતાવરણ

। (એજન્સી) ગોવા, તા.૨૪ ।

ક્રિસમસ પહેલા ગોવા માં તણાવનું વાતાવરણ છે. અહીં બીફની દુકાનો બંધ કરી દેવામાં આવી છે. અહેવાલ મુજબ, સોમવારે ગોવા માં બીફ નો પુરવઠો સંપૂર્ણ રીતે બંધ થઈ ગયો. ગયા અઠવાડિયે ગૌમાંસના વેપારીઓ અને ગાય સંરક્ષણ જૂથના સભ્યો વચ્ચે ફાટી નીકળેલી હિંસક અથડામણના વિરોધમાં રાજ્યભરના વિક્રેતાઓએ તેમની દુકાનો બંધ કરી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પડોશી કર્ણાટકના બેલાગવીથી બીફ લઈ જતા ડ્રાઈવરોએ સુરક્ષાની ચિંતાઓને ટાંકીને ગોવામાં પ્રવેશવાનો ઈન્કાર કરી દીધો હોવાથી પુરવઠો વધુ વિક્ષેપિત રહેશે. ઓલ ગોવા બીફ વેન્ડર્સ એસોસિયેશનના પ્રમુખ મન્ના બેપારીએ જણાવ્યું હતું કે વર્તમાન મડાગાંઠે ક્રિસમસ પહેલા તહેવારોની ઉચ્ચ માંગની સીઝનમાં બિઝનેસને ગંભીર અસર કરી છે. માહિતી અનુસાર, ગોવામાં દરરોજ ૨૦-૨૫ ટન બીફનો વપરાશ થાય છે, જે મુખ્યત્વે કર્ણાટક, મુંબઈ અને હૈદરાબાદથી આવે છે. ઓલ ગોવા મુસ્લિમ જમાત એસોસિએશને સરકારને આ મુદ્દાઓ પર ધ્યાન આપવાની હાકલ કરી છે.

### રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો શેર કર્યો છે

# સામાન્ય જનતા મોંઘવારીથી કંટાળી રહી છે અને સરકાર સૂઈ રહી છે : રાહુલ ગાંધી

### વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરી છે. મંગળવારે એક વીડિયો શેર કરતા તેણે લખ્યું, લસણ એક સમયે ૪૦ રૂપિયા હતું, આજે ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. વધતી જતી મોંઘવારીએ સામાન્ય માણસનું રસોડાનું બજેટ ખોરવી નાખ્યું છે. સરકાર કુંભકરણની જેમ સૂઈ રહી છે.

રાહુલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે શાકભાજી માર્કેટમાં શાકભાજી વેચનાર પાસેથી અલગ-અલગ શાકભાજીના ભાવ પૂછી રહ્યો છે. રાહુલ સાથે મહિલાઓ પણ છે. એક મહિલા કહે છે કે સોનું સસ્તું થશે પણ લસણ નહીં. એક મહિલાએ જણાવ્યું હતું કે સલગમ જે એક સમયે ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા તે હવે ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. વટાણા ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળે છે. શાકમાર્કેટ ગીરી નગરનું છે. રાહુલ ગાંધીએ મહિલાઓને કહ્યું કે દર વર્ષે મોંઘવારી વધી રહી છે. તેનાથી તમારા પર દબાણ વધશે. રાહુલે પૂછ્યું કે શું જીએસટીને કારણે મોંઘવારી વધી છે. તેના પર મહિલાઓએ કહ્યું કે તેમાં ઘણો વધારો થયો છે. દિલ્હીમાં આવતા વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. તે પહેલા રાહુલ એક્ટિવ મોડમાં છે.

### હૈદરાબાદમાં સંધ્યા થિયેટરમાં નાસભાગના મામલો

# અલ્લુની ત્રણ કલાક સુધી કરાઈ પૂછપરછ, પોલીસે અભિનેતાને પૂછ્યા અનેક સવાલ

### અલ્લુ અર્જુનને પોલીસની ટીમ ફરી નોટિસ આપી પૂછપરછ અને નાસભાગ દરમિયાન તેમની હાજરી વિશે જાણવા બોલાવી શકે છે

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૪ ।

હૈદરાબાદમાં સંધ્યા થિયેટરમાં નાસભાગના મામલે એક્ટર અલ્લુ અર્જુનની ચિક્કડપલ્લી પોલીસસ્ટેશનમાં લગભગ ત્રણ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન એક્ટરને અનેક સવાલ કરવામાં આવ્યા છે. જોકે, અલ્લુ અર્જુને તમામ સવાલના ખૂબ જ નિડરતા પૂર્વક જવાબ આપ્યા હોવાની માહિતી મળી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, અલ્લુ અર્જુનને પોલીસની ટીમ ફરી નોટિસ આપી પૂછપરછ અને નાસભાગ દરમિયાન તેમની હાજરી વિશે જાણવા બોલાવી શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, એક્ટરને પૂછવામાં આવ્યું કે, શુ તમને બીજા દિવસે રેવતીની મોતની જાણ થઈ હતી? તો એક્ટરે કહ્યું હા.. મને બીજા દિવસે આ વિશે જાણ થઈ હતી. જોકે, આ સિવાય પોલીસે ઘણાં સવાલોના જવાબ એક્ટર પાસેથી મેળવ્યાં જેમાં, શું સંચાલકે પહેલાંથી જ સંધ્યા થિયેટરમાં આવવા કહ્યું હતું? શું તમે જાણતા હતાં કે, પોલીસ મંજૂરી નહતી? શું થિયેટરમાં પ્રીમિયર શોમાં આવવા માટે મંજૂરી માંગવામાં આવી હતી? શું તમારી પાસે તેની કોપી છે? શું તમે અથવા પીઆર ટીમે પોલીસની મંજૂરી લીધી હતી? શું પીઆર ટીમે સંધ્યા થિયેટર પાસેની સ્થિતિ પહેલાં જણાવી હતી? તમે કેટલાં બાઉન્સરોની વ્યવસ્થા કરી? વગેરેનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, અલ્લુ અર્જુન પોલીસ સ્ટેશન જવા નીકળે તે પહેલાં જ એક્ટરના ઘરની બહાર મોટી સંખ્યામાં સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતાં. આ દરમિયાન પોલીસના હાથમાં લાકડીઓ જોવા મળી હતી. જણાવી દઈએ કે, હૈદરાબાદમાં ૪ ડિસેમ્બરે, સંધ્યા થિયેટરમાં નાસભાગ દરમિયાન એક મહિલાનું મોત થયું હતું અને સાથે જ તેનો આઠ વર્ષનો બાળક પણ ઈજાગ્રસ્ત થયો હતો. અલ્લુ અર્જુન પૂછપરછ માટે પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલાં જ એક્ટરના ઘર અને પોલીસ સ્ટેશનની બહાર તેના ફેન્સનો જમાવડો જોવા મળ્યો હતો. જોકે, તેના ફેન્સ કોઈ ગેરવર્તણૂક ન કરે તે માટે તેણે પહેલાં જ ચેતવણી આપી દીધી હતી. અલ્લુ અર્જુને એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લોકોને કોઈપણ રીતે ગેરવર્તન ન કરવા વિનંતી કરવામાં આવી હતી. વધતાં વિવાદ વચ્ચે, અલ્લુ અર્જુને દરેકને અપીલ કરી હતી કે તેઓ ઓનલાઈન અને ઓફલાઈન કોઈપણ પ્રકારના અભદ્ર વર્તન અથવા ભાષાનો ઉપયોગ ટાળે.

### સમગ્ર દેશમાં ડિજિટલ એરેસ્ટની વધતી જતી ઘટનાઓ

# બેંગલુરુમાં એન્જિનિયરે ડિજિટલ એરેસ્ટમાં રૂપિયા ૧૨ કરોડ ગુમાવ્યા

### નકલી પોલીસ બનીને ગુનેગારોએ ૩૯ વર્ષીય પીડિતને સુપ્રીમ કોર્ટનો ડર બતાવી રૂ. ૧૧.૮ કરોડની છેતરપિંડી કરી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૪ ।

છેલ્લા કેટલાક સમયથી ડિજિટલ એરેસ્ટથી જોડાયેલી અનેક છેતરપિંડી સામે આવી રહી છે. છેતરપિંડી કરનારાઓથી બચવા માટે સરકાર દ્વારા મોબાઈલ પર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આમ છતાં છતરપિંડી બંધ થઈ રહી નથી.બેંગાલુરુમાં એક સોફ્ટવેર એન્જિનિયર ડિજિટલ એરેસ્ટનો શિકાર થઈ ગયો છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર ૩૯ વર્ષીય પીડિત સાથે નકલી પોલીસ બનીને છેતરપિંડી કરનારાઓએ સુપ્રીમ કોર્ટનો ડર બતાવી ૧૧.૮ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.નકલી પોલીસ અધિકારી બનીને ગુનેગારોએ પીડિતને જણાવ્યું હતું કે મની લોન્ડરિંગ માટે બૈંક ખાતું ખોલવા માટે તેના આધાર કાર્ડનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. છેતરપિંડી ૨૫ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બરની વચ્ચે આચરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતે પોતાની ફરિયાદમાં આરોપ મૂક્યો હતો કે ૧૧ નવેમ્બરે તેને એક વ્યકિતનો ફોન આવ્યો હતો જેણે પોતાને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ)નો અધિકારી ગણાવ્યો હતો.નકલી અધિકારીએ દાવો કર્યો હતો કે તેનું સિમ કાર્ડ જે આધાર કાર્ડથી જોડાયેલો છે તેનો ઉપયોગ ગેરકાયદે જાહેરાતો માટે કરવામાં આવી રહ્યો છે. આ સંબધમાં મુંબઇના કોલાબા સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. ત્યારબાદ તેને એક પોલીસ અધિકારી હોવાનો દાવો કરનાર અન્ય એક વ્યકિત ફોન આવ્યો અને તેણે જણાવ્યું કે મની લોન્ડરિંગ માટે બેંક ખાતા ખોલવા માટે તેમના આધારનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેણે કેસની ગોપનીય રાખવાની ધમકી આપી અને જણાવ્યું કે તે તપાસમાં સહકાર નહીં આપે તો તેની ધરપકડ કરાશે.ત્યારબાદ પીડિતને અન્ય એક વ્યકિતનું ફોન આવ્યો અને તેને સ્કાઈપ એપ ડાઉનલોડ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ મુંબઈ પોલીસનું યુનિફોર્મ પહેરેલ એક વ્યકિતએ તેને વીડિયો કોલ કર્યો હતો અને દાવો કર્યો હતો કે એક બિઝનેસમેને ૬ કરોડ રૂપિયાની લેવડદેવડ માટે તેમના આધારનો ઉપયોગ કરી એક બેંક ખાતું ખોલાવ્યું છે.

## તંત્રી લેખ...

# ‘વિદેશમાં સંતાઈને બેસેલા ભાગેડુઓની હવે ખેર નહીં’

વિદેશમાં છુપાયેલા ભાગેડુઓ પર સકંજો કસવા માટે CBIએ એક નવું અત્યાધુનિક ઓનલાઈન પ્લેટફોર્મ ‘ભારતપોલ’ તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મના માધ્યમથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પોલીસ દળો અને કેન્દ્રીય એજન્સીઓ, ઈન્ટરપોલથી ભાગેડુઓની જાણકારી મેળવી શકાશે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશને ભારતનું રાષ્ટ્રીય કેન્દ્રીય બ્યુરો છે જે ઈન્ટરપોલને લગતી બાબતોનું સંચાલન કરે છે.CBI દ્વારા ડિઝાઈન કરાયેલી આ પરિયોજના પરીક્ષણના સ્તરે છે અને જેને ૭ જાન્યુઆરીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લોન્ચ કરવામાં આવી શકે છે. રાજ્યો અને CBI (ઈન્ટરપોલ ઈન્ડિયા) વચ્ચે પત્ર, ઈમેલ, ફેક્સના માધ્યમથી નહીં પરંતુ પોર્ટલના માધ્યમથી જાણકારી શેર કરી શકાશે.આ પણ વાંચો: ટ્રમ્પની શપથવિધિ પહેલા અમેરિકાના પ્રવાસે જયશંકર, ટેરિફ મુદ્દે થશે ચર્ચા?તમને જણાવી દઈએ કે, ઈન્ટરપોલ એક આંતરરાષ્ટ્રીય ગુનાહિત પોલીસ સંસ્થા છે. જેના ભારત સહિત દુનિયાભરમાં ૧૯૫ દેશો સદસ્યો છે. જેનું મુખ્યાલય ળાન્સના લિયોન ખાતે આવેલું છે. આ ઉપરાંત, તેના વિશ્વભરમાં સાત પ્રાદેશિક બ્યુરો પણ છે. તે એક આંતરરાષ્ટ્રીય કેન્દ્રીય બ્યુરો છે, જે તેને વિશ્વની સૌથી મોટી પોલીસ સંસ્થા બનાવે છે.વર્ષ ૧૯૪૯માં ભારત ઈન્ટપોલનું સદસ્ય બન્યું હતું. જેમાં ઈન્ટરપોલમાં તમામ સદસ્ય દેશ એક પ્લેટફોર્મ થકી પોતાના દેશમાં થઈ રહેલા ગુનોઓની જાણકારી એકબીજા સાથે શેર કરી શકે છે. જ્યારે CBI ઈન્ટરપોલ અને અન્ય તપાસ એજન્સીઓ વચ્ચે નોડલ એજન્સીનું કામ કરે છે. વિદેશમાં છુપાયેલા ભાગેડુઓની ધરપકડ કરવા માટે ઈન્ટરપોલ રેડ નોટિસ, ખોવાયેલા લોકો માટે યલો નોટિસ, ગુનાઓની તપાસના સંબંધમાં કોઈ વ્યક્તિની ઓળખ, ઘટના સ્થળની જાણકારી માટે બ્લૂ નોટિસ નીકાળે છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ટરપોલ પાસે કોઈપણ ગુનેગારની ધરપકડ કરવાની સત્તા નથી. ભાગેડુની ધરપકડ તે સભ્ય રાષ્ટ્રના શાસન પર આધારિત છે જેમાં તે રહે છે. ઈન્ટરપોલની જરૂરત પહેલા વિશ્વ યુદ્ધ બાદ મહેસુસ થઈ હતી, જ્યારે યુરોપમાં ગુનાઓ વધી રહ્યા હતા. ગુનેગારો એક દેશમાં ગુનાઓ કરીને અન્ય દેશમાં છુપાય જતા હતી.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીમાં આયોજિત એક રાષ્ટ્રીય પરિષદમાં ૧૦,૦૦૦થી વધુ એમ-પીએસીએસ, ડેરી અને મત્સ્યપાલન સહકારી મંડળીઓ રાષ્ટ્રને સમર્પિત કરશે

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ બુધવારે ૨૫ ડિસેમ્બર, ૨૫ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ નવી સ્થપાયેલી ૧૦,૦૦૦થી વધારે નવનિર્મિત બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (એમ-પીએસીએસ), ડેરી અને મત્સ્યપાલન સહકારી મંડળીઓ દેશને અર્પણ કરશે. શ્રી અમિત શાહ નવી રચાયેલી સહકારી મંડળીઓને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) અને માઈક્રો એટીએમનું વિતરણ કરશે. આ નાણાકીય સાધનો પંચાયતોમાં ધિરાણ સેવાઓની સરળ સુલભતા પ્રદાન કરવા અને નાણાકીય સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે, જે ગ્રામીણ વસ્તીને વિવિધ યોજનાઓમાંથી લાભ લેવા અને રાષ્ટ્રની આર્થિક પ્રગતિમાં ભાગ લેવા સક્ષમ બનાવે છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી તથા પંચાયતી રાજ મંત્રી શ્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહ સહિત કેટલાક વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભવો ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલય દરેક પંચાયતમાં સહકારી મંડળીઓની સ્થાપના સુનિશ્ચિત કરવા કટિબદ્ધ છે, જેથી સ્થાનિક વિકાસ અને આત્મનિર્ભરતા માટે તકોનું સર્જન થઈ શકે.

નવા એમ-પીએસીએસની રચના ગ્રામીણ વિસ્તારોમાં સહકારી સંસ્થાઓના વિકાસને પ્રોત્સાહન આપશે. નવી સ્થપાયેલી બહુહેતુક પીએસીએસમાં ક્રેડિટ સોસાયટીઓ, ડેરી સહકારી મંડળીઓ અને મત્સ્યપાલન સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે સહકારી મંડળીઓ મારફતે સ્થાનિક સમુદાયો, ખાસ કરીને મહિલા-સંચાલિત પંચાયતોને સશક્ત બનાવવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો છે. નવી સ્થાપિત એમ-પીએસીએસ ગ્રામીણ વિસ્તારોમાં સ્વનિર્ભરતા અને આર્થિક સશક્તીકરણને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. આ સોસાયટીઓ માત્ર નાણાકીય સેવાઓ જ પ્રદાન કરશે નહીં, પરંતુ ગ્રામીણ સમુદાયોને એક સાથે આવવા અને સહયોગથી કાર્ય કરવા માટે એક મંચ તરીકે પણ સેવા આપશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે તાજેતરમાં ત્રિપુરાની તેમની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, પૂર્વોત્તર સહિત દેશભરમાં સહકારી સંસ્થાઓને મજબૂત કરવા પર નોંધપાત્ર ભાર મૂકવામાં આવી રહ્યો છે. શ્રી શાહ માને છે કે, સહકારી ક્ષેત્ર એ ભારતનાં ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે અને નાણાકીય સર્વસમાવેશકતા, ગ્રામીણ કૃષિ અને કુટિર ઉદ્યોગોનો વિકાસ, રોજગારીનું સર્જન તથા સંપૂર્ણ પણે મહિલાઓ અને સમાજનાં સશક્તીકરણ માટે મુખ્ય પ્રેરકબળ તરીકે કામ કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ જુલાઈ, ૨૦૨૧માં સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. આ બાબત સહકારી ક્ષેત્રની પાયાની સંસ્થા પ્રાઈમરી એગ્રિકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (પીએસીએસ)ને પુનર્જીવિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. પેક્સને આર્થિક ટેકો પૂરો પાડવા માટે, નવા મોડેલ બાય-લૉ રજૂ કરવામાં આવ્યા છે, અને તેમની પ્રવૃત્તિઓ તેમની સધ્ધરતા અને ટકાઉપણાને સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના “સહકાર સે સમૃદ્ધિ”ના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આગામી પાંચ વર્ષમાં સમગ્ર દેશમાં દરેક પંચાયતમાં એક સહકારી સંસ્થા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. આ માટે સપ્ટેમ્બર, ૨૦૨૪માં મલ્ટિપર્પઝ પેક્સ (એમ-પેક્સ)ની રચના માટે ‘માર્ગદર્શિકા’ બહાર પાડવામાં આવ્યું હતું. આ માર્ગદર્શિકાની રચના દેશભરમાં સ્થાપિત થનારી બે લાખ નવી એમ-પીએસીએસની અસરકારક કામગીરી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી છે.

### શહેરમાં રહેતા માનવીને મહિને જો ૨૫૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયા કમાતા હોય તો પણ એનું ઘર માંડમાંડ ચાલે!

# કવિતા અને કમલી બંને સરખી ઉંમરના હતાં છતાં કમલીનું સ્વપ્ન કેમ જુદું હતું ?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સ્ત્રી શિક્ષણને સમાજના નાના માં નાના વર્ગ એ બહાલી આપી છે, અને દરેક શ્રમજીવી મહિલા એવું વિચારે છે કે ભણીને પોતાનાથી પોતાની દીકરી સારું જીવન વિતાવે, અને એટલે એ પણ નાના મોટા કામ કરીને દિકરીઓને પણ ભણાવતી હોય છે.**

સાંપ્રત સમયમાં મોંઘવારી એટલી વધતી જાય છે, સામાન્ય માનવીને બે છેડા ભેગા કરવા બહુ મુશ્કેલ થઈ જાય છે. એમાં પણ શહેરમાં રહેતા માનવીને મહિને જો ૨૫૦૦૦ થી ૩૦,૦૦૦ રુપિયા કમાતા હોય તો પણ એનું ઘર માંડમાંડ ચાલે! કારણકે ઘર ભાડું લાઈટબીલ, રાંધણગેસ દૂધ શાકભાજી અને કરિયાણું અને અન્ય સાબુ પેસ્ટ! આ બધું થાય ત્યાં આટલાં તો આરામથી થઈ જાય. આમાં જો બાળકો હોય તો એનો ભણવાનો ખર્ચ, માંદગી નો ખર્ચ અને વ્યવહાર! આ બધું.. અને એટલે જ લગભગ દરેક ઘરમાં પતિ પત્ની બંને કમાણી કરે છે. સ્ત્રી શિક્ષણને સમાજના નાના માં નાના વર્ગ એ બહાલી આપી છે, અને દરેક શ્રમજીવી મહિલા એવું વિચારે છે કે ભણીને પોતાનાથી પોતાની દીકરી સારું જીવન વિતાવે, અને એટલે એ પણ નાના મોટા કામ કરીને દિકરીઓને પણ ભણાવતી હોય છે. પણ શિક્ષણ ને કારણે ઘણીવાર શ્રમજીવી વર્ગની છોકરીઓ અન્ય ધનવાન સખી સહેલીઓ સાથે પોતાની સરખામણી કરે છે અને ત્યારે એની અંતરમાં પણ કેટલાય અરમાન સળવળે છે અને એની આંખે પણ સુંદર સ્વપ્ર આંખના કાજળ જેમ ચીપકી જાય છે, અને ઘણીવાર આવા કોઈ સપનાં માટે આ પેઢી ગુમરાહ થતી જોવા મળે છે, કોઈ કોઈ તો છોકરી કોલ ગર્લ બને છે, તો કોઈ સ્મગલીંગ પણ કરતા જોવા મળે છે. પણ એવું ન થાય એની માટે આપણી જેમ એને પણ જરુરીયાત હોય એમ સમજી ક્યારેક કંઈક એનાં મનનાં ભાવ તરંગને આલ્હાદક બનાવી શકે અને ખોટાં માર્ગ પર ચાલી ન નીકળે એ જોવું એ આપણી ફરજ છે. તો ચાલો આજે બુધવારે બોધકથામા આવો જ એક કિસ્સો. કમલી એક પંદરેક વર્ષની છોકરી હતી, આજે નિશાળમાં રજા હોવાથી શાંતુ એટલે કે તેની મા સાથે કામ કરવા આવી હતી. કમલીને કામિની બેનનાં ઘરે આવવું ગમતું કારણકે કામિની બેનનો સ્વભાવ સારો હતો અને ઘર પણ સુંદર હતું! અને એને રોકટોક કરવા વાળું અહીં કોઈ નહોતું. કામિની બેનની દીકરી કવિતા પણ કમલી જેવડી જ હતી. મા કપડાં વાસણ વગેરે કામ કરવા બેઠી, અને કમલી મા ને મદદ કરવા ઘરમાં કચરા-પોતા કરવા લાગી. એ કચરા પોતા કરતી કરતી કવિતાના રૂમમાં આવી. કવિતા રાત્રે ભણી હોવાથી મસ્ત મજાની નીંદર ખેંચતી હતી. આલીશાન બેડ હતો, રૂમમાં એસી હતું. બાથ ટબ વાળું એટેચ્ડ બાથરૂમ,બાથરૂમમાં પણ એક્ઝોસ ફેન, ફુવારો, જુદા જુદા શેમ્પૂને સાબુની મહેક હજી પણ વર્તાતી હતી. કમલી કવિતા સામે ફરી એકવાર જોઈ રહી અને મનોમન કવિતાનું ભાગ્ય કેટલું સારું છે એવો ભાવ પણ થયો, પછી પોતાનું કામ કરવા લાગી. મનમાં ઘુમરાતા આવા મનઘડંત વિચારોને કારણે કંઈક વસ્તુ સાથે કમલી અથડાણી,અને તેના અવાજથી કવિતા જાગી ગઈ. કમલી ને જોઈ તે ખુશ થઈ ગઈ, અરે વાહ લે તુ આવી છે, એમ કરીને દોડીને એ પોતાની મમ્મી પાસે પહોંચી ગઈ. કામિની બહેન ને વળગી પડતાં તે બોલી, મમ્મી આજે તો બહુ મસ્ત ડ્રીમ આવ્યું! કામીની બેન પણ દીકરીને એક વ્હાલ ભર્યું ચુંબન કર્યું, અને કવિતા વળી પાછી પોતાના રુમમાં આવી. કવિતા ને જોઈ કમલી બોલી વાહ દીદી!! આજે તો કંઈ બહુ સરસ મૂડમાં છો, કેવા ખીલખીલાતા ગુલાબ જેવા લાગો છો. કવિતા બોલી હા હો! આજે તો બહુ જ સુંદર સ્વપ્ર આવ્યું,સફેદ ઘોડા પર એક સુંદર રાજ કુમાર આવ્યો,ને મને જોઈ ને મારી પ્રશંસા કરી! મને પણ તેને જોઈ ને ખૂબ જ સારી ફીલીંગ થઈ. પછી અમારી બંને વચ્ચે સારી મિત્રતા થઈ ગઈને ધીરે ધીરે પ્રણય રાગ....એમ કરી મોટા કદનાં અરીસામાં પોતાનો ચહેરો જોવા લાગી, અને અચાનક કંઈક યાદ આવતાં તે કમલી તરફ ફરી બોલી હે કમલી!! તું પણ મારી જેવડી જ છો, તને પણ સ્વપ્ર આવતું હશે નહીં!! કમલી ના દીદી મને એવું એક પણ સ્વપ્ર આવતું નથી, અમને એવા સ્વપ્ર જોવા ન પોષાય. મા કહે છે કે અત્યારે તારે ફક્ત ભણવા વિશે જ વિચારવું, અને સપના પણ એના જ જોવા. કવિતા એ કહ્યું કે એવું ન બને તને કોઈક તો સ્વપ્ર આવતું જ હોય, ચાલ સાચું કહે તો!!એમ કરી ઓચિંતાની કમલી ને ગલીપચી કરીને કહ્યું બોલ તો!! કમલી હસી પડી ને કહ્યું સાચું દીદી એવું કોઈ સ્વપ્ર નથી,પરંતુ... એમ કહી ચૂપ થઈ ગઈ. કવિતા બોલી કેમ ચૂપ થઈ ગઈ, મને કહે જોઉં. કમલી હિમ્મત કરીને બોલી દીદી અત્યારે તો એક જ સ્વપ્ર છે, કે આવો આલીશાન બંગલો,બેડ, અને બાથરૂમ હોય એમાં રહેવા મળે બસ.... કવિતા એની સામે જોઈ જ રહી, કે કોઈનું આવું પણ સ્વપ્ર હોઈ શકે,કારણ કે એને તો આ બધું જન્મથી જ મળ્યું હતું. કવિતા વિચારવા લાગી, કે તે કંઈ રીતે કમલીનું સ્વપ્ર પુરૂ કરવામાં તેની મદદ કરે!! અને તે હાથ પકડીને કમલીને પોતાના બાથરૂમમાં લઈ ગઈ, ને ફુવારો ચાલુ કરીને તેને ભીંજવી દીધી ને, બોલી અત્યારે તો હું આટલું જ કરી શકું તેમ છું,એમ બોલતાં તેની આંખ ભીની થઈ ગઈ. કમલી એ તેના મોઢા પર હાથ રાખી દીધો, અને કવિતાને પણ ખેંચી લીધી, અને બંને જણા એક અનન્ય ભાવથી એકબીજા સામે જોતાં રહ્યાં. કવિતાને પછીની જીંદગી કમલીનું સ્વપ્ર યાદ રહી ગયું, અને એણે પોતાની જરૂરિયાત પર કાપ મુકીને કવિતા જેવી બીજી કેટલીય છોકરીઓની જરુરીયાત એવમ શિક્ષણ પર બચત વાપરવાનું નક્કી કર્યું. તો આ છે કમલી જેવી કેટલીય શ્રમજીવી છોકરીનું સ્વપ્ર!

મિત્રો તો આ છે આજના સમાજની સચ્ચાઈ જ્યાં એક ને રહેવા આંખો મહેલ અથવા આલિશાન બંગલો અને બીજી બાજુ દસ દસ ને રહેવા ચાલી નો એક રુમ! જ્યાં ન બાથ ટબ તો ઠીક બાથરૂમ પણ હોતો નથી. તકલીફ તો ત્યાં છે કે ઈશ્વરે બીજું કંઈ આપ્યું હોય કે ન આપ્યું હોય પણ દિલ અને દિલમાં ઉભરાતા અરમાન તો ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પણ છોડતા નથી અને એને પણ એમ થાય કે મારે પણ આવું બધું હોય! અથવા કાશ મારું ભાગ્ય પણ... !



### પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી, પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે

# બધા રસ્તામાં તકલીફ તોહોય જ.. બધી તકલીફના રસ્તા પણ હોય જ છે, આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં, જાળવી રાખવું મહત્વનું છે..



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે.. દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દ્યો. મારશો નહીં. આ ગુરુ પુત્ર છે.જે વિદ્યા દ્રોણાચાર્ય પોતાના પુત્રને ન આપી તે તમને આપી. ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાય લૂલી,લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે.**

આજે ઠંડા સુસવાટા મારતા પવનો વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી. એકાદ દુઃખ તો મનુષ્ય ના હૃદયમાં હોવું જ જોઈએ. કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિમાન થશે તો તેમનું પતન થશે. આવા શુભ હેતુ માટે ઠાકોરજી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાન ભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો.તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે. અર્જુને અશ્વત્થામાને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી,ગુરુપુત્ર ગુરુનું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે. પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડયાં આવે છે,ને અશ્વત્થામાને વંદન કરે છે.કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે.

આ સાધારણ વેરી નથી. પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણમાની દ્રૌપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણેઆવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણ કહેશો? વેરની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે. વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે,મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે.

અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે.હું વંદનીય નથી અશ્વત્થામા કહે છે, દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે.તું વેરનો બદલો પ્રેમથી આપેછે ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમતો નથી પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોરજીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને? અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે.. દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દ્યો. મારશો નહીં. આ ગુરુ પુત્ર છે.જે વિદ્યા દ્રોણાચાર્ય પોતાના પુત્રને ન આપી તે તમને આપી.ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે.ગાય લૂલી,લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન મનાયા છે. ભેંસના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે.

દ્રૌપદીએ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે,ત્યાં સુધી શ્રી કૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે. એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઇન્દ્રિયો રૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે.ભીમએ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે.આ ચાર ગુણ વાળો જીવ અર્જુન છે.આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી-દયા તેની પત્ની બને છે ત્યારે. જીવ-દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે ત્યારે.દ્રૌપદી ક્યારે મળે?ધર્મને મોટો માને ત્યારે પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે,પણ માનવ જીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે.ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ.તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો,ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી,પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે.તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસ ને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃ સાસો લેશો નહીં.કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં. જગતમાં બીજાને રડાવશો નહીં, જાતે રડજો.રડવાથી પાપ બળે છે રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે, આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે?અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે,આતતાયીને મારવામાં પાપ નથી.

તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાનએ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી. તેનું અપમાન કરી કાઢી મૂકો.

અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો. અશ્વત્થામા તેજહીન બન્યો. હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ છે.અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત! આ અપમાનનો બદલો હું લઈશ.

ઉત્તરાના પેટમાં ગર્ભ છે તે પાંડવો નો ઉત્તરાધિકારી છે. તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય, એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડયું.

ઉત્તરા વ્યાકુળ થાય છે, હરિ સ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે. બ્રહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું. ઉત્તરા દોડતાં દોડતાં શ્રી કૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવ માત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે. બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે. ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્મા ને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે, પ્રભુને તે ભૂલી જાય છે.

ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે,તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી, ઈશ્વર માં માનતો નથી.

દ્રૌપદીએ ઉત્તરાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુઃખનો પ્રસંગ આવે ત્યારે શ્રીકૃષ્ણને શરણે જજે.તે તને જરૂર મદદ કરશે. તારા દુઃખની કથા દ્વારિકાનાથ સિવાય કોઈને કહેતી નહીં. તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે.

ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી.પરમાત્માની લીલા અપ્રાકૃત છે.દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે.

શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે. કુંતાએ મર્યાદા ભક્તિ છે. સાધનભક્તિ છે. યશોદાએ પુષ્ટિભક્તિ છે.યશોદા નો બધો વ્યવહાર ભક્તિરૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી. વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે. મર્યાદાભક્તિ પહેલાં આવે છે, તે પછી પુષ્ટિભક્તિ. મર્યાદાશક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે. પુષ્ટિભક્તિ એ સાધ્ય છે એટલે અંતમાં આવે છે. ભાગવતમાં નવમા સ્કંધ સુધી સાધન ભક્તિનું વર્ણન છે. દસમા સ્કંધમાં સાધ્ય ભક્તિનું વર્ણન છે. સાધ્ય ભક્તિ પ્રશ્ન બાંધે છે.પુષ્ટિ ભક્તિ ભગવાનને બાંધશે. તેથી કથા ભાગવતમાં છેવટે આવે છે. દરેક વ્યવહારએ ભક્તિરૂપ બનાવે તે પુષ્ટિભક્તિ છે. નમન. ભક્તિ માર્ગમાં ભગવદ્ વિયોગ સહન થતો નથી.વૈષ્ણવ તે છે જે પ્રભુના વિરહમાં બળે છે. દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થયા.એ જોઈ કુંતાજીનું હૃદય ભરાયું. જે રસ્તે ભગવાનનો રથ જવાનો હતો, તે રસ્તામાં આવી કુંતાજી હાથ જોડીને ઊભા. પ્રભુએ દારુક સારથિને રથ ઊભો રાખવા કહ્યું. ફઈબા અત્રે માર્ગમાં કેમ ઊભા છે?કુંતાજીને જોઈ પ્રભુ રથમાંથી નીચે ઊતર્યા. કુંતાજી વંદન કરે છે. રોજનો નિયમ તો એવો હતો કે, ભગવાન કુંતાને પ્રણામ કરે ત્યારે આજે કુંતાએ ભગવાનને વંદન કર્યાં. પ્રભુ કહે છે, તમે આ શું કરો છો?હું તો તમારા ભાઈનો દીકરો છું.તમે મારાવડીલ છો.તમે પ્રણામ કરો એ ન શોભે. કુંતાજી કહે છે, આજદિન સુધી હું માનતી હતી કે તમે મારા ભાઈના પુત્ર છો. આજે સમજાયું કે, ના, તમે ઈશ્વર છો. યોગીઓ તમારું દયાન કરે છે. તમે સર્વના પિતા છો.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત છેલ્લે જોઈએ તો આજે એકસોમી જન્મ જયંતિએ સ્વ.અટલ બિહારી વાજપેયીજીને શ્રાધ્ધ સુમન અર્પણ કરીએ.સાથે નાતાલ ક્રિસમસની શુભેચ્છા સાથે બધા રસ્તામાં તકલીફ તો હોય જ.. બધી તકલીફના રસ્તા પણ હોય જ છે.

આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં,જાળવી રાખવું મહત્વનું છે..

અમુક સંબંધ કપાસના ફૂલ જેવા હોય છે..ભલે સુગંધ નથી આપતા પણ વસ્ત્ર બની આપણી ઈજ્જત ઢાંકે છે...અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

બધા રસ્તામાં તકલીફ તો હોય જ..બધી તકલીફના રસ્તા પણ હોય જ છે.આજના સમયમાં મેળવવા કે ગુમાવવા કરતાં,જાળવી રાખવું મહત્વનું છે..

અમુક સંબંધ કપાસના ફૂલ જેવા હોય છે...ભલે સુગંધ નથી આપતાપણ વસ્ત્ર બની આપણી ઈજ્જત ઢાંકે છે...

## ન્યુઝ બોક્ષ

### મનાલીમાં ભારે બરફવર્ષાથી અટલ ટનલમાં ટ્રાફિક જામ

। (એજન્સી) મનાલી, તા.૨૪ ।

ક્રિસમસ અને નવા વર્ષ પહેલા લોકો રજાઓ માણવા પહાડો તરફ જતા હોય છે. પહાડોમાં પ્રવાસીઓની વધતી ભીડ વચ્ચે મનાલીથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મનાલીમાં સોલાંગથી અટલ ટનલ સુધી ૧૦૦૦થી વધુ વાહનો ફસાઈ ગયા હતા. ઘણા લોકો વિન્ટર કાર્નિવલ જોવા ગયા હતા. દરમિયાન, ત્યાં પણ બરફ વર્ષા થઈ રહી છે. ટ્રાફિક જામ એટલો લાંબો હતો કે સેંકડો વાહનો અટવાઈ ગયા હતા. ત્યાર પછી મનાલી પોલીસ પ્રશાસન મદદે આવ્યું અને ધીમે ધીમે ટ્રાફિક જામ ખોલવામાં આવ્યો હતો.દરમિયાન હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાના કારણે રાજ્યના ૩૦ અને ૨ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાના વિભાગીય વિસ્તારોમાં વીજળી અને પાણીના કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા છે. બદલાતા હવામાન અને હિમવર્ષાના કારણે રાજ્યમાં જન સેવાઓ પ્રભાવિત થઈ હતી. નોંધનીય છે કે હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા બાદ મોટી સંખ્યામાં પર્યટકો શિમલા અને મનાલી સહિત કુફરી, નારકંડા અને સોલાંગ વેલી પહોંચી રહ્યા છે. અહીંના પહાડો પણ બરફથી ભરેલા દેખાય છે.હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે નજીકના પર્યટન સ્થળો કુફરી અને નારકંડા અને સોલંગ વેલીમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. આ સિવાય હવામાન વિભાગે શનિવાર સુધી ઉચ્ચ વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. હવામાન વિભાગે ૨૪ થી ૨૬ ડિસેમ્બર સુધી મંડીના બકરા ડેમ જળાશય વિસ્તારમાં અને બલ્હ ઘાટીના કેટલાક ભાગોમાં ગાઢ ધુમ્મસને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે.

### હૈદરાબાદ પોલીસે અલ્લુ અર્જુનને ફટકારી વધુ એક નોટિસ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૪ ।

હૈદરાબાદ પોલીસે સંધ્યા થિયેટર નાસભાગ મામલે એક્ટર અલ્લુ અર્જુનને વધુ એક નોટિસ ફટકારી છે. ઘટનાને લઈને આજે સવારે ૧૧ વાગ્યે અલ્લુ અર્જુનને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ચોથી ડિસેમ્બરના રોજ હૈદરાબાદની સંધ્યા થિયેટરમાં ફિલ્મ ‘પુષ્પા-૨ ધ રૂલ’ની સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાઈ હતી. રિપોર્ટ મુજબ અલ્લુ અર્જુન અહીં ફિલ્મ જોવા આવ્યો હતો. અલ્લુને જોવા ત્યાં અનેક ચાહકો આવ્યા હતા. આ દરમિયાન ભીડ બેકાબુ થઈ ગઈ અને પોલીસે લાઠી ચાર્જ કરવો પડ્યો હતો. ભારે ભીડ થયા બાદ અલ્લુ ચાહકોને મળવા પહોંચ્યો અને ત્યાં અચાનક નાસભાગ મચી ગઈ, જેમાં ૩૫ વર્ષિય રેવતી નામની મહિલાનું મોત થયું અને તેના બાળકને ઈજા થઈ હતી. તાજેતરમાં એવો રિપોર્ટ સામે આવ્યો છે કે, ઈજાગ્રસ્ત આઠ વર્ષના બાળકની તબિયત સુધરવાને બદલે ગંભીર થઈ રહી છે. હવે આ ઘટના મામલે રાજ્યમાં ભારે રાજકારણ શરૂ થઈ ગયું છે, જેના કારણે અલ્લુ અર્જુનની મુશ્કેલી સતત વધતી જ જોવા મળી રહી છે.મહિલા મોત થવાના કેસમાં ચિક્કડપલ્લી પોલીસ ૧૩ ડિસેમ્બરે અલ્લુ અર્જુનને તેના ઘરેથી કસ્ટડીમાં લીધો હતો. ત્યારબાદ તેને વચગાળાના જામીન પર છોડી દેવામાં આવ્યો હતા.

#### ૨ ચારમાંથી ત્રણ આઈપીઓમાં નફો મળ્યો

# આઈપીઓમાં રોકાણ કરવામાં ગુજરાત દેશમાં અવ્વલ

### મુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।




શેરબજારમાં રોકાણ કરવામાં ગુજરાતીઓ આગળ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં શેરબજારમાં જોવા મળી રહેલી અભૂતપૂર્વ તેજીના કારણે તેમજ પ્રાયમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફર માં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ મળતા વળતરના કારણે હવે ગુજરાત આઈપીઓમાં અરજી કરવામાં અને રોકાણ કરવામાં દેશમાં પહેલું રાજ્યું બન્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આઈપીઓમાં થયેલા કુલ ભરણમાં (એલોટમેન્ટ નહીં, કુલ અરજીની રકમ)ની દ્રષ્ટિએ ૮.૬૯ લાખ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર પહેલા સ્થાને અને ૮૮,૮૧૯ કરોડ રૂપિયા સાથે ગુજરાત દેશમાં બીજા સ્થાને હતું. એ પછી વર્ષ ૨૦૨૨-૨૩માં મહારાષ્ટ્રમાંથી કુલ ૩૨, ૮૮૭ કરોડ રૂપિયા સામે ગુજરાતમાંથી ૨૧,૯૬૦ કરોડની અરજીઓ થઈ હતી. પરંત ૨૦૨૩-૨૪માં ૧,૩૫,૦૫ કરોડ રૂપિયા સાથે ગુજરાત પ્રથમ ક્રમે અને ૯૪,૬૧૭ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવી ગયું હતું. IPOમાં રોકાણ કરતા દેશના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશમુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે. ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે. પરંતુ આઈપીઓમાં કુલ રોકાણમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા ટોચના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા અને જામનગર જેવા નાના કેન્દ્રો પણ આ ટોચના ૨૦ શહેરોની યાદીમાં જોવા મળે છે.વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૭ શહેરો હતા જે હવે વધીને ૯ થઈ ગયા છે. ભુજ હવે ટોચના શહેરોની યાદીમાં નથી પણ સામે સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા જેવા શહેરોનો ઉમેરો થયો છે. ઉપલબ્ધ વિગતો વધુમાં દર્શાવે છે કે બેંગ્લોર, પૂણે, હૈદરાબાદ કે ચેન્નાઈ જેવા મેટ્રો સેન્ટર આ યાદીમાં ગુજરાતના મોટાભાગનાં શહેરો કરતા પાછળના ક્રમે આવે છે.

### ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિના અવસરે પ્રધાનમંત્રી આજે મધ્ય પ્રદેશમાં કેન-બેતવા રિવર લિંકિંગ નેશનલ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે



। નવી દિલ્હી, તા.૨૪ ।

પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૫ ડિસેમ્બરે મધ્યપ્રદેશની મુલાકાત લેશે. બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે તેઓ ખજુરાહોમાં બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી કેન-બેતવા નદીને જોડતી રાષ્ટ્રીય પરિયોજનાનો શિલાન્યાસ કરશે. જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના હેઠળ દેશની પ્રથમ નદીઓને એકબીજા સાથે જોડવાની યોજના છે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં સિંચાઈની સુવિધા પૂરી પાડશે અને લાખો ખેડૂત પરિવારોને ફાયદો પણ થશે. આ પ્રોજેક્ટ વિસ્તારના લોકોને પીવાના પાણીની સુવિધા પણ પૂરી પાડશે. આ સાથે, હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ ગ્રીન એનર્જીમાં ૧૦૦ મેગાવોટથી વધુનું યોગદાન આપશે. આ પ્રોજેક્ટ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાની સાથે સાથે રોજગારીની ઘણી તકો પણ ઉભી કરશે. પ્રધાનમંત્રી ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે સ્મારક ટિકિટ અને સિક્કો બહાર પાડશે. તેઓ ૧૧૫૩ અટલ ગ્રામ સુશાસન ભવનનો શિલાન્યાસ પણ કરશે. આ ભવન સ્થાનિક સ્તરે સુશાસન માટે ગ્રામ પંચાયતોના કાર્ય અને જવાબદારીઓના વ્યવહારિક સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉર્જા પર્યાપ્તતા અને હરિયાળી ઉર્જાને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રી મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં ઓમકારેશ્વર ખાતે સ્થાપિત ઓમકારેશ્વર ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના સરકારના મિશનમાં યોગદાન આપશે. તે પાણીના બાષ્પીભવનને ઘટાડીને જળ સંરક્ષણમાં પણ મદદ કરશે.

#### વોટ્સએપનું આ પગલું એપલ યુઝર્સને પણ અસર કરશે

# ૧ જાન્યુઆરીથી ઘણા સ્માર્ટફોન પર નહીં ચાલે વોટ્સએપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ઘણા સ્માર્ટફોન માટે લોકપ્રિય મેસેજિંગ એપ WhatsAppનું સમર્થન બંધ થવા જઈ રહ્યું છે. વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાએ કહ્યું છે કે નવા વર્ષથી વોટ્સએપ એવા એન્ડ્રોઈડ ડિવાઈસ પર કામ કરશે નહીં જે કિટકેટ ઓએસ અથવા જૂના વર્ઝન પર ચાલે છે. WhatsApp દર વર્ષે આવા પગલાં ભરે છે જેથી એપની સુરક્ષા અને કાર્યક્ષમતા નવી ટેકનોલોજી સાથે વધુ સારી રીતે કામ કરતી રહે. અત્રે નોંધનીય છે કે એન્ડ્રોઈડ કિટકેટ વર્ષ ૨૦૧૩માં લોન્ચ કરવામાં આવ્યું હતું. મતલબ કે ઘણા જૂના સ્માર્ટફોનમાં WhatsApp સપોર્ટ બંધ થવા જઈ રહ્યો છે. સામાન્ય ઉપકરણોમાં તે પહેલાની જેમ કામ કરવાનું ચાલુ રાખશે. કંપનીનું કહેવું છે કે જૂના એન્ડ્રોઈડ વર્ઝનમાં ઘણીવાર નવી એપ અપડેટ્સને સપોર્ટ કરવા માટે જરૂરી ક્ષમતાઓ હોતી નથી. આ સુરક્ષા જોખમો બનાવે છે અને કાર્યક્ષમતાને પણ અસર કરે છે. આ નિર્ણય બાદ વોટ્સએપ સપોર્ટ ઘણી બ્રાન્ડના મોડલ્સને અસર કરશે. ખાસ કરીને સેમસંગ, એલજી, સોની વગેરેના સ્માર્ટફોન. LG સ્માર્ટફોન બિઝનેસમાંથી પણ બહાર છે. વોટ્સએપ નું આ પગલું એપલ યુઝર્સને પણ અસર કરશે. કંપનીએ કહ્યું છે કે તે ૫ મે, ૨૦૨૫થી ૧૫.૧ પહેલાના iOS વર્ઝન પર ચાલતા iPhonesને સપોર્ટ કરશે નહીં. કંપની તેના યુઝર્સને ૫ મહિનાનો સમય આપી રહી છે જેથી તેઓ અપડેટેડ iOS વર્ઝન પર સ્વિચ કરી શકે. આ તે વપરાશકર્તાઓને અસર કરશે જે iPhone 5s, iPhone 6 અને iPhone 6 Plus નો ઉપયોગ કરી રહ્યાં છે. આઈફોન યુઝર્સ જેમના ડિવાઈસ હજુ પણ જૂના સોફ્ટવેર પર ચાલી રહ્યા છે તેમણે નવા વર્ઝનમાં અપગ્રેડ કરવું પડશે.

#### ઈડીએ ડોનના ભાઇનો ફ્લેટ કર્યો સીલ

# દાઉદ ઇબ્રાહિમ પર ભારતની વધુ એક મોટી કાર્યવાહી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ભાગેડુ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાઈ ઈકબાલ કાસકર અને તેના સહયોગીઓ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં વધુ એક મોટી કાર્યવાહી કરી છે. આ કેસમાં ઈડીએ થાણેમાં ઈકબાલ કાસકરનો એક ફ્લેટ સીલ કર્યો છે. નિયોપોલિસ ટાવરમાં સ્થિત આ ફ્લેટ માર્ચ ૨૦૨૨થી અસ્થાયી કુર્કી હેઠળ છે.મળતી માહિતી મુજબ, આ મામલો થાણે પોલીસના એન્ટિ એક્સટોર્શન સેલ તરફથી ૨૦૧૭માં નોંધાયેલી એફઆઈઆર સાથે સંબંધિત છે. EDની તપાસમાં ખુલાસો થયો છે કે કાસકર અને તેના સહયોગીઓ, જેમાં મુમતાઝ શેખ અને ઈસરાર સઈદનો સમાવેશ થાય છે, તેણે દાઉદ ઈબ્રાહિમની નિકટતાની આડમાં એક રિયલ એસ્ટેટ ડેવલપરને ધમકાવીને આ ફ્લેટ લીધો હતો. આ સાથે તેમની પાસેથી રૂપિયા પણ વસૂલ્યા હતા.આશરે ૭૫ લાખની કિંમતનો આ ફ્લેટ શેખના નામે હતો. કથિત રીતે તેને બિલ્ડર સુરેશ મહેતા અને તેની ફર્મ દર્શન એન્ટરપ્રાઈઝિસને ટાર્ગેટ કરીને ખંડણી માંગવામાં આવી હતી. આરોપીઓએ નકલી ચેક મારફતે ફ્લેટ અને ૧૦ લાખ રૂપિયાની રોકડની કથિત માંગણી કરી હતી, જે પાછળથી પાછી ખેંચી લેવામાં આવી હતી. EDની તપાસમાં જાણવા મળ્યું છે કે આ નાણાંકીય લેવડદેવડ ગેરવસૂલી નાણાંના લાભાર્થીઓને છૂપાવવા માટે કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં કાસકરને ED અધિકારીઓ દ્વારા મુંબઈ અને ભારતના અન્ય ભાગોમાં દાઉદ ગેંગની કામગીરી વિશે પૂછપરછ કરવામાં આવી હતી. કાસકર, શેખ અને સઈદના ઘરો પર સર્ચ કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, EDને ખૂબ જ મહત્વપૂર્ણ દસ્તાવેજો મળ્યા હતા. મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ અને ત્યારપછી ભારતીય દંડ સંહિતાની કલમો જેમાં ખંડણી અને ષડયંત્રનો ઉલ્લેખ કરીને થાણે પોલીસના અંતિમ અહેવાલ બાદ EDએ એપ્રિલ ૨૦૨૨માં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી.

#### ૧૫ રાઉન્ડ ફાયરિંગના કારણે માતમ છવાયું

# હરિયાણાના પંચકુલામાં ફરી એકવાર ગુનાખોરીની ઘટનાએ કોહરામ મચાવ્યો

### હાલ પોલીસ આ કેસને પરસ્પર ગેંગ વોર તરીકે જોઈ રહી છે, મૃત્યુ પામનાર યુવકોના નામ વિનીત અને તીર્થ હોવાનું સામે આવ્યું છે

। (એજન્સી) હરિયાણા, તા.૨૪ ।

હરિયાણાના પંચકુલામાં ફરી એકવાર ગુનાખોરીની ઘટનાએ કોહરામ મચાવ્યો. અહીં જન્મદિવસની પાર્ટી દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ થયાની માહિતી સામે આવી છે. આ ફાયરિંગમાં ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. મૃતકોમાં ૨ યુવક અને ૧ યુવતીનો સમાવેશ થાય છે. હાલ પોલીસ આ કેસને પરસ્પર ગેંગ વોર તરીકે જોઈ રહી છે. મૃત્યુ પામનાર યુવકોના નામ વિનીત અને તીર્થ હોવાનું સામે આવ્યું છે. આ સાથે જ યુવતીનું નામ વંદના હોવાનું જણાવા મળ્યું છે. જે જીંદના ઉચાના રહેવાસી છે. પોલીસે હાલ આ મામલે કેસ નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, આ ગોળીબાર હોટલના પાર્કિંગ દરમિયાન થયો હતો. રવિવારે બનેલી આ ઘટનાને પગલે ચારે તરફ ભયનો માહોલ છે. પિંજોર સ્ટેશન હાઉસ ઓફિસર ઈન્સ્પેક્ટર સોમબીરે આ મામલામાં જણાવ્યું કે હુમલામાં માર્યા ગયેલા યુવકોની ઓળખ વિકી અને તીર્થ તરીકે થઈ છે, જેઓ દિલ્હીના રહેવાસી હતા. તે બંને કાકા-ભત્રીજા હતા. જ્યારે વંદના જીંદની રહેવાસી હતી. મળતી માહિતી મુજબ અજાણ્યા હુમલાખોરોએ યુવક અને યુવતી બંને પર હુમલો કર્યો હતો.હાલ, યુવતી અને યુવક બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઘટના બાદથી હોટલ સ્ટાફ અને મેનેજર ગુમ છે. પોલીસે હાલ આ મામલે તપાસ શરૂ કરી છે. પંજાબના મોહાલી જિલ્લાના જીરકપુરના રહેવાસી રોહિત ભારદ્વાજે પંચકુલાના પિંજોરની એક હોટલમાં પોતાના જન્મદિવસ પર પાર્ટીનું આયોજન કર્યું હતું. તેણે પાર્ટીમાં તેના કેટલાક મિત્રોને આમંત્રણ આપ્યું હતું. હોટલની અંદર પાર્ટી ચાલી રહી હતી. પાર્કિંગમાં પાર્ક કરેલી કારમાં વંદના, વિકી અને વિપિન બેઠા હતા.

# આવનારી પેઢીને સ્વસ્થ-સશક્ત બનાવવા પ્રત્યેક ખેડૂત સુધી પ્રાકૃતિક ખેતી પહોંચે તે આવશ્યક : આચાર્ય દેવવ્રતજી

### જંતુનાશકોના અંધાધૂંધ ઉપયોગના દુષ્પરિણામો કેન્સર, હાર્ટ એટેક, બીપી, અને ડાયાબિટીસ જેવી બીમારીઓના રૂપમાં સામે આવી રહ્યા છે : રાજ્યપાલ

। (માહિતી બ્યુરો) સુરત ।



“દેશમાં દશકો સુધી રાસાયણિક ખાતરોના ઉપયોગથી ખેતી થતી રહી છે, જેના પરિણામે સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીના સ્થાને માનવજીવનમાં અનેક પ્રકારના રોગોનું આક્રમણ વધ્યું છે. રાસાયણિક ખેતીથી જમીન અને માનવ સ્વાસ્થ્ય પર પડતી વિપરીત અસરોને નિવારવા માટે પ્રાકૃતિક કૃષિ એકમાત્ર વિકલ્પ છે’’, એમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સુરત જિલ્લાના બારડોલી ખાતે શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.-બાબેન દ્વારા યોજાયેલા ‘પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ’માં જણાવ્યું હતું. બારડોલીના કેદારેશ્વર મહાદેવ મંદિર, બારડોલી-ધુલિયા રોડ ખાતે આયોજિત પરિસંવાદમાં પ્રાકૃતિક ખેતી કરતા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો સાથે રાજ્યપાલશ્રીએ સંવાદ કર્યો હતો, તેમના પ્રતિભાવો જાણ્યા હતા, તેમજ પરંપરાગત ખેતી કરતા ખેડૂતોને રાસાયણિક ખેતીના સ્થાને પ્રાકૃતિક ખેતી અપનાવવાની પ્રેરણા આપી હતી. જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને રાજ્યપાલશ્રીના હસ્તે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ કરવા પ્રાકૃતિક કૃષિનું મિશન આરંભ્યું છે. તેમણે દેશના ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા નવેમ્બર માસમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કરી, આ મિશન માટે રૂ.૨૪૮૧ કરોડની ફાળવણી કરી છે. જેમાં ગુજરાતના કૃષિ મોડેલને રોલમોડેલ તરીકે નિર્દેશિત કરવામાં આવ્યું છે. દેશમાં પ્રાકૃતિક કૃષિના વ્યાપને વધારવાના તેમના આ સંકલ્પની સિદ્ધિ માટે રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિનું જનઅભિયાન ઉપાડ્યું છે. પ્રાકૃતિક કૃષિ એ જૈવિક કૃષિથી અલગ પ્રકારની ખેતી છે, બન્ને ખેતી પધ્ધતિ વચ્ચેનો ભેદ સમજાવતાં તેમણે કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ ગાય આધારિત કૃષિ છે, જેમાં ભારતીય ઓલાદની દેશી ગાયના ગૌ મૂત્ર, ગોબર થકી જીવામૃત, ઘનજીવામૃત તૈયાર કરીને તેનો ઉપયોગ કરીને ઝીરો ખર્ચે ઉત્પાદન મેળવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં રાસાયણિક ખાતરો કે જંતુનાશક દવાઓના ઉપયોગ વિના માત્ર ગાય આધારિત ખેતી કરવામાં આવે છે.

આવનારી પેઢીને સ્વસ્થ અને સશક્ત બનાવવા પ્રાકૃતિક ખેતી દેશના પ્રત્યેક ખેડૂત સુધી પહોંચવી ખૂબ આવશ્યક હોવાનો મત વ્યક્ત કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીમાં ઓછા ખર્ચે અનેક ફાયદાઓ મળે છે. અળસિયા એ કુદરતના ખેડૂતો છે જેની મદદથી ખેતીની જમીનની ફળદ્રુપતા તો વધે જ છે, પરંતુ પાક ઉત્પાદન અને સાથે ખેડૂતોની આવક પણ વધે છે. ગાયમાતા અને ધરતીમાતાનું સંરક્ષણ થાય છે. પર્યાવરણ અને સૂક્ષ્મ જીવાણુઓની રક્ષા થાય છે. હવા શુદ્ધ રહે છે અને જમીનની ફળદ્રુપતા-ઓર્ગેનિક કાર્બન વધે છે. તેમણે કહ્યું કે, પ્રકૃતિમાં હસ્તક્ષેપ કરવાના પરિણામો હંમેશા જોખમી હોય છે. આજે ખેતીમાં ઉત્પાદન વધારવા માટે જે પેસ્ટિસાઈડ્સ, યુરિયા, ડીએપી અને જંતુનાશકોનો અંધાધૂંધ ઉપયોગ કરવામાં આવે છે તેના દુષ્પરિણામો કેન્સર, હાર્ટ એટેક, બીપી, અને ડાયાબિટીસ જેવી બીમારીઓના રૂપમાં સામે આવી રહ્યા છે. નાના બાળકો, કિશોરો, યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસો વધી રહ્યા છે. ખેતીમાં જંતુનાશકો અને યુરિયાનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરીને ખેડૂતો જમીનને બંજર બનાવી રહ્યા છે. પીવાના પાણીમાં પણ પ્રદૂષણ વધી રહ્યું છે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપાય છે, ખેડૂતો પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરે, પ્રાકૃતિક ખેતી અપનાવે. રાજ્યપાલશ્રીએ પાણીની બચત, પર્યાવરણની રક્ષા, જમીન અને દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો. પ્રાકૃતિક ખેતી અપનાવીને ખેડૂતો પ્રકૃતિની રક્ષા સાથે સમગ્ર દેશ અને વિશ્વને આપણા વડીલોના જે જીવન જીવતા હતા એવા વિશુદ્ધ જીવનનો માર્ગ બતાવશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. બારડોલી સુગરના ઉપપ્રમુખશ્રી ભાવેશભાઈ એન.પટેલે રાજ્યપાલશ્રીને સરદાર નગરી બારડોલીની ઐતિહાસિક ધરતી પર આવકારી જણાવ્યું કે, રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે દિશામાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ઝૂંબેશના રૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. સુરત જિલ્લાના ખેડૂતોમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે વ્યાપક જાગૃતિ લાવી પ્રાકૃતિક કૃષિનું આ અભિયાન જનઆંદોલન બને એવા અમારા પણ પ્રયાસો છે. આ પ્રસંગે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી ભીખાભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, નેશનલ ફેડરેશન ઓફ કો.ઓ. સુગર ફેક્ટરીઝ-દિલ્હીના ઉપપ્રમુખશ્રી કેતનભાઈ પટેલ, સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ, સુમુલ ડેરીના ચેરમેનશ્રી માનસિંહભાઈ કે. પટેલ, બારડોલી સુગરના પ્રમુખ રમણલાલ પટેલ, મેનેજિંગ ડિરેક્ટરશ્રી હેમપ્રકાશ સિંહ, નાયબ ખેતી નિયામક (તાલીમ) અને આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી એન.જી.ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સતિષ ગામીત તેમજ સુગરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સભાસદો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડાના એન.એસ.એસ યુનિટ દ્વારા "વિશ્વ ધ્યાન દિવસ"ની ઉજવણી




**। (માહિતી) સુરત, તા.૨૪ ।**

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડાના એન.એસ.એસ યુનિટ દ્વારા તા.૨૧મી ડિસેમ્બરે "વિશ્વ ધ્યાન દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતીના અધ્યાપક અને યોગ ટ્રેનર પ્રા. ગણેશભાઈ વસાવા દ્વારા ધ્યાન કરાવવામાં આવ્યું હતું. સાથે પ્રાણાયામ, ઓમકાર સાથે જીવનમાં ધ્યાન વિશે વિદ્યાર્થીઓને જરૂરી માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં બીએ/બીએસસીના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમની ઉજવણી કોલેજના આચાર્યા ડૉ.અનિલાબેન પટેલના માર્ગદર્શન અને એન.એસ.એસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રમેશભાઈ વસાવાના નેતૃત્વ હેઠળ યોજાઈ હતી.

# દેવગઢ બારીઆ ના વાંદર ગામ ના એક વર્ષથી પ્રોહીના કેશમાં નાસતા ફરતા આરોપીઓને પકડતી એલ.સી.બી પોલીસ



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

**। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૪ ।**

દેવગઢ બારીઆ તાલુકા ના વાંદર ગામ ના ફારમભાઈ વેચાતભાઈ બારીઆ તથા જગદીશભાઈ પર્વતભાઈ બારીઆ આ બંને આરોપી છેલ્લા એક વર્ષ થી પ્રોહિબિશન ના ગુનાહ માં નાસતા ફરતા હતા જેની જાણ આજરોજ દાહોદ જીલ્લા એલ.સી.બી ના હેડ કોન્સ્ટેબલ હિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોલંકી પેટ્રોલિંગ માં હતા બંને આરોપી વાંદર ગામ મા પોતા ના ઘરે આવેલ છે તેવી બાતમી મળેલ તેના અનુસંધાન માં આ બંને આરોપી ને પોતા ના ઘરેથી દાહોદ એલ.સી.બી પોલીસના હેડ કોન્સ્ટેબલ હિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોલંકી એ બંને આરોપી ને પોતા ના ઘરે થી ઝડપી પાડ્યા હતા અને આરોપી ને ઝડપી દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન માં સોંપી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઝાલોદ આઈ.પી.મિશન સ્કૂલ ખાતે નાતાલ નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।**

ગુજરાત ક્રિશ્ચન સર્વિસ સોસાયટી સંચાલિત આઈ.પી.મિશન હાયર સેકન્ડરી સ્કુલ તથા આઈ.પી.મિશન પ્રાઈમરી સ્કૂલનો નાતાલ સંયુક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમાં સ્થાનિક હાઈસ્કુલ સમિતિના ચેરમેન ડી.ડી. કટારા તથા સ્થાનિક માલમિલકત સમિતિના ચેરમેન નેલ્સન ડામોર, સ્થાનિક મંડળીના પાળક જોનાથન ક્રિશ્ચન, સ્કૂલના આચાર્ય વી.બી.સંગાડા, પ્રાયમરી સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય વી.ડી. સંગાડા તેમજ બંને સ્કૂલોના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમાં બંને સ્કૂલોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો મંડળીના પાળક સાહેબ દ્વારા નાતાલ પર્વને દરેક માટે શાંતિ આનંદ પ્રેમ બની રહે અને દરેક માટે આવનાર વર્ષ આશીર્વાદ નીવડે તે માટે પ્રાર્થના કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.કાર્યક્રમના સૂત્રદાર આઈ.પી.મિશન હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય વાલસીંગભાઈ સંગાડા સંગાડા રહ્યા હતા.

# મંત્રી કુંવરજીભાઈ હળપતી તેમજ મહાનુભાવોના હસ્તે મોબાઈલ મેમોગ્રાફી યુનિટને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ

## મોબાઈલ મેમોગ્રાફી યુનિટ સ્તન કેન્સરને તેના પ્રારંભિક તબક્કામાં ઓળખીને જીવન બચાવવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવશે : મંત્રી કુંવરજીભાઈ હળપત




**। (માહિતી) ભરૂચ, તા.૨૪ ।**

આજરોજ આદિજાતી વિકાસ,શ્રમઅને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતીના હસ્તે હોટલ હયાત ખાતે સીએસઆર પ્રોજેક્ટ અંતર્ગત દીપક ફેનોલિક્સ લીમીટેડના અનુદાનમાંથી મોબાઈલ મેમોગ્રાફી યુનિટને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે, મંત્રીશ્રી પ્રસંગને અનુરૂપ પ્રેરણાસભર વાત કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રી દેશની તમામ મહિલાઓના આરોગ્યની ચિંતા કરી અનેક જનકલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરી છે. આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બની રહે તે માટે અનેક પ્રયાસો થઈ રહ્યા છે. વંચિતો સહિત છેવાડાના જન સુધી આયુષ્યમાન કાર્ડ યોજના રામબાણ સાબિત થઈ રહી છે. લોકોને કેન્સર સામે આયુષ્યમાન યોજના આરોગ્યનું કવચ બની છે.

વધુમાં, તેમણે કહ્યું કે, આજના સમયે કેન્સરનું પ્રમાણ કેમ આટલું વધી રહ્યું છે તે પણ વિચારવું જેવું છે ત્યારે આજની આધુનિક જીવનશૈલી અને ખોરાક પણ તેના મહત્વના પરિબળો છે. ત્યારે પ્રાકૃતિક ખેતી અને તેની ઉપજોનો આહારમાં વધુને વધુ ઉપયોગ તંદુરસ્ત જીવન સહિત કેન્સર સામે રક્ષણ પુરૂ પાડશે. અંતમાં મંત્રીશ્રીએ, મોબાઈલ મેમોગ્રાફી યુનિટની આ પહેલ માટે દીપક ફાઉન્ડેશના તમામ સદસ્યોને અભિનંદન પાઠવ્યા હતા. ભરૂચના અંતરિયાળ વિસ્તારની મહિલાઓ માટે સ્તન કેન્સરની શોધ અને નિદાનની અસકકારક સારવાર માટે પ્રારંભિક તપાસ ખૂબ મહત્વપૂર્ણ છે. અને આ પહેલ સ્તન કેન્સર તેના પ્રારંભિક તબક્કામાં ઓળખીને જીવન બચાવવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવશે. આ ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેલ ધારાસભ્ય સર્વેશ્રી રમેશભાઈ મિસ્ત્રી, ડી.કે.સ્વામી, અને અરૂણસિંહ રણાએ પણ પ્રાસંગોચિત ઉદબોધનમાં



આરોગ્યનીચિંતાકરતાદીપકફાઉન્ડેશનીસરાહનિય પ્રવૃતિઓને બિરદાવી હતી. કાર્યક્રમના પ્રારંભે દીપક ફાઉન્ડેશનના નાયબ નિયામકશ્રી ડૉ. આકાશકુમાર લાલે ફાઉન્ડેશની વિવિધ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. અંતમાં, ઉપસ્થિત તમામ મહાનુભાવોએ મોબાઈલ મેમોગ્રાફી યુનિટનું નિરિક્ષણ કર્યુ હતું અને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનિય છે કે, મોબાઈલ મેમોગ્રાફી યુનિટ સીએસઆર પ્રોજેક્ટને દીપક ફેનોલિક્સ લીમીટેડદ્વારાભંડોળપૂરુંપાડવામાંઆવ્યુંઅનેદીપક ફાઉન્ડેશન દ્વારા તેને અમલમાં મૂકવામાં આવેલ છે. ભરૂચ જિલ્લાના વંચિત સમુદાયોમાં પ્રારંભિક સ્તન કેન્સરની શોધ અને નિદાનને સુધારવાના હેતુથી એક મહત્વપૂર્ણ આરોગ્ય સંભાળની પહેલ છે. આ મોબાઈલ યુનિટ અંતરિયાળ વિસ્તારોમાં આવશ્યક નિદાન સેવાઓ પૂરી પાડશે. આમ મોબાઈલ મેમોગ્રાફી યુનિટ મહિલાઓને તેના પ્રારંભિક તબક્કામાં સ્તન કેન્સરને શોધી કાઢવાની ક્ષમતા સાથે સશક્તિકરણ પણ કરશે. આ ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય સર્વેશ્રીઓ અરૂણસિંહ રણા, રમેશભાઈ મિસ્ત્રી, ડી.કે.સ્વામી, દીપક ફાઉન્ડેશના ટ્રસ્ટીશ્રી, ડૉ. જાઈ પવાર, દીપક ફાઉન્ડેશનના નિયામકશ્રી ડૉ. આકાશકુમાર લાલ, નાયબ નિયામકશ્રી, દીપક ફાઉન્ડેશન, શ્રી નિર્મલસિંહ, સીએસઆર નોડલ ઓફિસર, દીપક ગ્રુપ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૯૩.૧૦ કરોડના ખર્ચે નિર્મિત થયેલા ૨,૯૫૯ 'પીએમ આવાસ યોજના'ના આવાસોનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરતા મંત્રી સી.આર.પાટીલ



**। (માહિતી) સુરત, તા.૨૪ ।**

સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૯૩.૧૦ કરોડના ખર્ચે રાંદેર, અઠવા અને લિંબાયત ઝોન વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્મિત થયેલા ૨,૯૫૯ 'પીએમ આવાસોનો ડ્રો કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના હસ્તે યોજાયો હતો. અઠવાલાઈન્સ સ્થિત કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે આયોજિત સમારોહમાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન,પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ અને મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ડ્રો માં નવું ઘર મેળવવા બદલ લાભાર્થીઓને અભિનંદન પાઠવતા જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રત્યેક વ્યક્તિને ઘરના ઘરનું સ્વપ્ન હોય છે, ત્યારે સુરત જેવા ઝડપભેર વિકાસની હરણફાળ ભરી રહેલા શહેરમાં ગરીબ તેમજ મધ્યમવર્ગીય પરિવારો માટે પીએમ આવાસ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. સૌ જરૂરિયાતમંદ નાગરિકોને પી.એમ. આવાસ યોજના અંતર્ગત પારદર્શક રીતે ઘરનું ઘર મળે એવું કેન્દ્ર-રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકાનું ધ્યેય રહ્યું છે. હાલ કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો માં જેમને આવાસ નથી લાગ્યા તે લાભાર્થીઓ પણ મકાનથી વંચિત નહિ રહે અને આગામી સમયમાં સુરતના પ્રત્યેક જરૂરિયાતમંદ પરિવારોને પીએમ આવાસ યોજના થકી પાકું ઘર મળી રહે તે દિશામાં સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાનશ્રીના દૂરંદેશીપૂર્ણ વિઝનથી રાજ્ય સરકાર પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્યજનની સુખાકારીને પ્રાથમિકતા આપી રહી છે એમ જણાવી કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, દેશભરમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામી રહેલા શહેરોમાં સ્થાન મેળવતા સુરતમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાજ્ય અને કેન્દ્રની આવાસ યોજનાઓ થકી રહેઠાણની સુવિધાઓ મળી છે. સુરત શહેર ભૂતકાળમાં અસ્વચ્છ શહેર હતું, પરંતુ આજે સુરત સ્વચ્છતાની મિસાલ કાયમ કરી રહ્યું છે. સ્વચ્છતાથી લોકોના આરોગ્યમાં પણ હકારાત્મક અસરો પડી રહી છે એમ તેમણે ઉમેર્યુ હતું. કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં યોજનાકીય સહાયથી ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય થયું છે એમ જણાવી કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, પાણીની વૈશ્વિક સમસ્યા નિવારવા દક્ષિણ ગુજરાતથી શરૂ કરેલુ રાજ્યવ્યાપી 'જળસંચય જનભાગીદારી અભિયાન' દેશવાસીઓને જળસંચય દ્વારા ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાની નવી રાહ ચીંધી રહ્યું છે.

# પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ એન.ટી.પી.સી, એ.એમ.એન.એસ, અદાણી અને સુમુલ ડેરી જેવા ઔદ્યોગિક એકમોની મુલાકાત કરાવવામાં આવી

**। (માહિતી) નર્મદ, તા.૨૪ ।**

સુરત જિલ્લા પંચાયતની શાળાઓના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃતિમાં વધારો થાય તથા વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, પોતાની કારકીર્દીના ઘડતરમાં મદદરુપ થઇ શકે તેવા આશયથી સુરત જિલ્લા પંચાયતના "પ્રોજેકટ કલ્પના" અંતર્ગત એક અનોખી પહેલના ભાગરૂપે જિલ્લાની વિવિધ તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સુરત જિલ્લામાં આવેલા વિવિધ ક્ષેત્રના ઔદ્યોગીક એકમોની એક્સપોઝર વિઝિટ-નું અયોજન કરવામાં આવ્યું હતું. જેવા કે, વિજ ઉત્પાદન, સોલાર એનર્જી પ્લાન્ટ, પોર્ટ પરનું પરીવહન, આયાત-નિકાસ, સ્ટીલ ઉત્પાદન કરતી ઈન્ડસ્ટ્રી, ડેરી ઉદ્યોગ વગેરે એકમનો સમાવેશ થાય છે. પ્રોજેકટ કલ્પના ભાગરૂપે ઔદ્યોગીક એકમોની મુલાકાતના પ્રવાસમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીને NTPC, AM/NS, Adani(Hazira Port) તેમજ સુમુલ ડેરી જેવા ઔદ્યોગીક એકમમાં મુલાકાત લીધી હતી. ઔદ્યોગિક એકમની મુલાકાતથી વિદ્યાર્થીઓને પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોત સોલાર ઉર્જા જે ભવિષ્યમાં દરેક ક્ષેત્રે ઉપયોગી થનાર છે અને પર્યાવરણને પણ નુકશાન કરતુ નથી. તેવા સોલાર ઉર્જા ઉત્પાદન, સંગ્રહ અને કઇ રીતે ઉપયોગમાં આવે છે તેનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. સ્ટીલ ઉત્પાદન અને સ્ટીલની મશીનરી ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમમાં સ્ટીલના કાચા માલ



તેમાંથી સ્ટીલની મશીનરીનું ઉત્પાદન કેવી રીતે થાય તે અંગે વિદ્યાર્થીઓએ જાણકારી મેળવી હતી. તેવી રીતે વિજળીનું ઉત્પાદન, ઈલેકટ્રીસીટી ઘર સુધી પહોચી તે અંગે પણ માહિતીગાર થયા હતા. સુમુલ ડેરી ઉદ્યોગની મુલાકાતથી વિદ્યાર્થીઓને દુધ ગામડાથી ડેરી સુધી કઇ પ્રકીયાથી આવે છે અને દુધને લાંબા સમય સુધી જાળવણી રાખવાની પધ્ધતિ "પાશ્ચુરાઈઝેશન"વિશે સમજ આપવામાં આવી તથા દુધની વિવિધ પેદાશોના ઉત્પાદન વિશે માહિતીગાર કરાયા હતા. મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકોએ પ્રતિભાવ આપતા કહ્યું કે, વિદ્યાર્થીઓને જે પાઠ્યપુસ્તકમાં જે જ્ઞાન આપીએ છીએ તે પ્રોજેકટ કલ્પના અંતર્ગત વિદ્યાર્થીને પ્રત્યક્ષ રીતે સોલાર ઉર્જા ઉત્પાદન, વીજળી ઉત્પાદન, દુધની જાળવણી પ્રકીયા બતાવી શકયા અને વિદ્યાર્થીમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો તથા ઔદ્યોગીક એકમોના સિનિયર મેનેજમેન્ટ સાથે વાર્તાલાપ કરવાનો પણ અવસર મળ્યો હતો.

# સરકારી વિનયન કોલેજ તિલકવાડા ખાતે જિલ્લા રોજગાર કચેરી દ્વારા "કોલેજ પ્લેસમેન્ટ" કેમ્પ યોજાયો

**। (માહિતી) રાજપીપળ, તા.૨૪ ।**

રાજપીપળાના સંકલનથી કોલેજ પ્લેસમેન્ટ ફેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુરૂકૂળ મેનેજમેન્ટ બોડેલીના કંપની પર્સન તરીકે દીપકભાઈ ઝાલા અને બૅક્રો પ્રોડક્ટ લિમિટેડમાંથી અતુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્લેસમેન્ટ ડ્રાઈવ-ડિસેમ્બર-૨૦૨૪ અંતર્ગત કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવી હતી. અન્ય વર્ષમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓએ રસ દાખવી કોલેજના કુલ- ૪૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાથે તિલકવાડા તાલુકામાં થી પણ અન્ય વિદ્યાર્થીઓ કે જેમણે રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યું હતું તેવા ૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કેમ્પમાં ઉપસ્થિત કંપનીપર્સન દ્વારા સૌપ્રથમ પોતાની કંપનીનો પરિચય આપી કામગીરીની



સમાજ આપી હતી. ત્યારબાદ જે વિદ્યાર્થીઓને રસ હોય તેવા વિદ્યાર્થીઓનો ઈંટરવ્યૂ લેવામાં આવ્યા હતા. ઈંટરવ્યૂ બાદ જે વિદ્યાર્થીઓને નોકરીમાં રસ હોય તેવા વિદ્યાર્થીઓને કંપની લોકેશન પર આવવા માટે કહ્યું હતું. કાર્યક્રમમાં કોલેજ પ્લેસમેન્ટ ઓફિસર પ્રા. એમ. બી. બાગુલ દ્વારા કંપનીપર્સનનો વિધાર્થીઓને પરિચય આપી કોલેજ પ્લેસમેન્ટ અંગે જાણકારી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું કોલેજના આચાર્યશ્રી એમ. એમ. ડામોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. આજે કામના સ્થળે તમારા ઉપરી (બૉસ) તમારા વખાણ કરે એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા દિલ પર રોમાન્સનું રાજ હશે. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો.





રાજ્ય સરકારના વર્ષ ૨૦૨૫ ના કેલેન્ડરનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટલેના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

## પોલીસ સબ ઇન્સ્પેક્ટરના ઘરમાંથી રોકડ સહિત દાગીનાની ચોરી થઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા પોલીસ સબ ઈન્સ્પેકટરના મકાનમાંથી રોકડા રૂપિયા ૧.૫૦ લાખ અને દાગીનાની ચોરી થઈ હતી. પોલીસ તપાસમાં પીએસઆઈની બદલી વડોદરા થઈ હોવાથી પરિવારજનો વડોદરા ગયા હતા. દરમિયાન ઘરમાં ચોરી થઈ હતી. નરોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. છાજલીના કબાટમાંથી રોકડા રૂ.૧.૫૦ લાખ તિજોરીમાંથી દાગીની ચોરી થઈ છે. જેમાં ઘરકામ કરવા આવતી મહિલા ઉપર આશંકા થતા નરોડા વિસ્તારમાં રહેતી મહિલાએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના પતિ પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે નોકરી કરે છે તાજેતરમાં તેમની બદલી વડોદરા ખાતે થઈ હતી. જેથી પરિજનો વડોદરા ગયા અને ત્યાં રોકાયા હતા.

## ટ્રક-કારમાં દારૂ ભરીને ઇન્સ્ટાગ્રામ પર રીલ બનાવી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૪ ।

ગુજરાતમાં દારૂબંધી હોવા છતા પણ કેટલાક લોકો કાયદાનો ભંગ કરી રહ્યાં છે. ત્યારે તાજેતરમાં ટ્રક-કારમાં દારૂ ભરીને ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવી વાયરલ કરતા કેટલાક લોકો પર કાર્યવાહી કરવામાં આવી છે અને તેમની પોલીસે ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પર દારૂ ભરેલી કાર સાથે તેમજ દારૂના જથ્થા સાથે વીડિયો બનાવીને ગુજરાતમાં દારૂબંધીને અસર થાય તેવો પ્રયાસ કરાયો હતો. જેમાં રાજસ્થાનથી ગુજરાતમાં દારૂ સપ્લાય કરતા બુટલેગરોની સંડોવણી સામે આવી હતી. આ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ તપાસના આદેશ આપીને બનાસકાંઠાના આગથળા અને ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને બે સગીર સહિત ચાર લોકોની ધરપકડ કરીને કાર્યવાહી કરી છે.

### ગુજરાતમાં બસના મુસાફરોને રાહત | દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને રૂ. ૧૩ લાખની આવક

# ટિકિટ માટે છૂટા પૈસાની માથાકુટમાંથી મળી મુક્તિ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતમાં બસમાં મુસાફરી કરતાં લોકોને મોટી રાહત મળી છે. બસમાં મુસાફરી કરતાં લોકોને ટિકિટ માટે છૂટા રૂપિયામાંથી મુક્તિ મળી છે કારણ કે એસ. ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦ બસો માટે ૩૦૦૦થી વધુ ‘એન્ડ્રોઈડ ટિકિટ મશીન’ ફાળવવામાં આવ્યા છે. દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી ST નિગમને રૂપિયા ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. QR પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ નિગમને રૂ. ૩૦.૫૩ કરોડથી વધુની આવક કરાવી છે.



ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ‘ડિજિટલ ગુજરાત’ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮૫૦૦થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે. નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. જેના ભાગરૂપે પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦થી વધુ બસોમાં ૩૦૦૦થી વધુ ‘એન્ડ્રોઈડ ટિકિટ મશીન’/‘સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન’ ફાળવવામાં આવ્યા છે. ‘ડિજિટલ ગુજરાત’ થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. QR પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ રૂપિયા ૩૦.૫૩ કરોડથી વધુની STને આવક કરાવી ‘ડિજિટલ ટ્રાન્જેક્શન’ પર ભરોસો મુક્યો છે. જેમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે.

ગુજરાત એસ.ટી નિગમ દ્વારા નાગરીકોને હવે મુસાફરી કરવામાં રોકડ કે છુટા પૈસા પોતાની જોડે રાખવાની જરૂર રહેશે નહિ. નિગમે ‘ડિજિટલ ઈન્ડિયા – ડિજિટલ ગુજરાત’ને પ્રોત્સાહન આપવા તેમજ રોકડ નાણાંના વિકલ્પ રૂપે મુસાફરો બસની અંદર જ ટિકિટીંગ મશીનમાં ડાયનામિક ઊઈના માધ્યમથી ડિજિટલ ટ્રાન્જેક્શન દ્વારા ટિકિટ મેળવી શકે છે.

ગુજરાત એસ.ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં ચાર વિભાગના ૩,૦૦૦ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટ મશીનમાં ઊઈ આધારિત UPI પેમેન્ટ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં મુસાફરો પોતાના ફોનથી UPI અથવા ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડ મારફતે પોતાની ટિકિટ લઈ શકે છે, જો કોઈ કારણસર મુસાફરનું ટ્રાન્જેક્શન રદ્દ થાય તો માત્ર એક જ કલાકમાં મુસાફરોને તેમની આ રકમ ડિજિટલ માધ્યમ થકી પોતાના બેંક એકાઉન્ટમાં પરત મળી જાય છે.

## સાંસદ ગેનીબેન ઠાકોરની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક

। (એજન્સી) પાલનપુર, તા.૨૪ ।

સાંસદ ગેનીબેન ઠાકોરની અધ્યક્ષતામાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં આવેલી કલેક્ટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઇ હતી. દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને વ્યસન મુક્તિ તરફ લોકોને આગળ વધારવાનો સાંસદ ગેનીબેન ઠાકોરે અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે કહ્યું કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તથા ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે તે જરૂરી છે. આ ઉપરાંત સાંસદ ગેનીબેન ઠાકોરે જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ મિટિંગમાં ‘‘દિશા’’ બેઠકના અધ્યક્ષ અને સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું કે, કેન્દ્ર અને ગુજરાત સરકારની તમામ યોજનાઓ છેવાડાના વ્યક્તિઓ સુધી પહોંચે, લાભાર્થીઓને ઘર આંગણે જ વિવિધ સેવાઓનો લાભ મળે તથા વિશેષ ગ્રામ્ય કક્ષાએ વિવિધ વિકાસના કાર્યો થાય તે જરૂરી છે. આ દિશા બેઠકમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરી બાબતે ચર્ચા કરાઈ હતી.ગેનીબેન ઠાકોરે જિલ્લા વહીવટી તંત્રની સારી કામગીરીને બિરદાવીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખાસ કરીને દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તથા મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર બને તે દિશામાં કામ કરવા સૂચન કર્યું હતું. આ સાથે લોકોને વ્યસનમુક્તિ તરફ આગળ વધવા આહવાન કર્યું હતું. સાંસદ ગેનીબેન ઠાકોરે વિવિધ બસ સ્ટેશન, શાળાઓ અને કોલેજ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ અને શી ટીમની કામગીરીને આગળ વધારવા કહ્યું હતું. આ સાથે પાણી પુરવઠા વિભાગમાં જે ગેર કાયદેસર કનેક્શન હોય તો તેને ત્વરિત દૂર કરવા પણ કહ્યું હતું.આ સાથે ગ્રામીણ વિકાસ વિભાગ, કૃષિ ખેડૂત અને કલ્યાણ વિભાગ, પંચાયત રાજ, આવાસ અને શહેરી વિભાગ, જળ સંસાધનો નદી વિકાસ અને ગંગા સંરક્ષણ, પશુપાલન અને ડેરી, મહિલાને બાળ વિકાસ, આરોગ્ય, પેય જળ અને સ્વચ્છતા વિભાગ, ભૂમિ અને સંસાધન, શિક્ષણ, પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન, સડક પરિવહન અને રાજમાર્ગ, ખાણ મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ, લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ જેવા વિભાગો અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી.

### અકસ્માતના CCTV વીડિયો સામે આવ્યા

# અમદાવાદથી ભોપાલ જતી ખાનગી બસનો અકસ્માત

### ડ્રાઇવરની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ ખસેડાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદથી ભોપાલ જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ૨૪મી ડિસેમ્બરની વહેલી સવારે આ ટ્રાવેલ્સ અમદાવાદથી ભોપાલ જઈ રહી હતી. ત્યારે સંતરોડ નજીક આવેલાં ભથવપાડા ટોલનાકા નજીક અકસ્માત નડ્યો હતો. જેમાં ૨૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયાં છે. અકસ્માતની જાણ થતાં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવા અને ફાયર બ્રિગેડની મદદથી ફસાયેલા મુસાફરોને બસમાંથી બહાર કાઢવાની તજવીજ હાથ ધરાઈ હતી. અમદાવાદથી ખાનગી ટ્રાવેલ્સ મુસાફરોને લઈ ભોપાલ જઈ રહી હતી. ત્યારે મંગળવારે વહેલી સવારે ટ્રાવેલ્સની આગળ ચાલી રહેલાં ટ્રેલર ચાલકે અચાનક બ્રેક મારતાં બસ ટ્રેલર સાથે અથડાઈ હતી. આ અકસ્માતના કારણે ટ્રાવેલ્સનો આગળનો ભાગ આખો તૂટી ગયો હતો અને ડ્રાઈવર સહિત ૨૫થી વધુ મુસાફરો ટ્રાવેલ્સમાં જ ફસાઈ ગયા હતાં. સમગ્ર ઘટનાની જાણ થતાં તાત્કાલિક ધોરણે ૧૦૮ અને ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડે ૨૫ થી વધુ મુસાફરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું. જેમાંથી ૧૧ જેટલાં મુસાફરો ગંભીર ઈજાઓ થતાં તેઓને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતાં. આ સિવાય ડ્રાઈવરની હાલત ગંભીર હોવાના કારણે તેને અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર બનાવની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ તપાસમાં આ ટ્રેલર જ્યારે ભથવાડા ટોલનાકા પરથી પસાર થયું તે વખતના CCTV વીડિયો સામે આવ્યા છે.

### કોઈ જાનહાનિ નહિ

# વેપારીના દીકરીના લગ્નનું કરિયાવર આગ લાગતાં બળીને ખાખ થઇ ગયું

### જામનગરમાં પડતા પર પાટુ જેવી સ્થિતિ એક પિતા સાથે બની

। (એજન્સી) જામનગર, તા.૨૪ ।

જામનગરના લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં લગ્ન પહેલાં જ દીકરીના કરિયાવરમાં આગ લાગી ગઈ હતી. પાનની દુકાન ચલાવતા વેપારીના રહેણાંક મકાનમાં આગ લાગતા દીકરીના લગ્ન માટે ખરીદેલો ૪ લાખનો કરિયાવર સળગી ગયો હતો. આગ વધતાં પરિવારજનોએ ફાયર બ્રિગેડની ટીમને બોલાવાવમાં આવી હતી.

જોકે, ફાયર વિભાગની ટીમે આગ ફેલાય તે પહેલાં જ તેના પર કાબૂ મેળવી લીધો હતો. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપરટોડા ગામમાં પાનના વેપારીના ઘરે દીકરીના લગ્નનો પ્રસંગ હતો. જોકે, લગ્ન પહેલાં જ આ પરિવારે મોટી દુર્ઘટનાનો સામનો કરવો પડ્યો હતો. હકીકતમાં દીકરીને આપવા માટે ભેગો કરેલો ૪ લાખનો કરિયાવર ઘરના એક રૂમમાં રાખવામાં આવ્યો હતો. ત્યારે અચાનક દીવાની ઝાળથી આગ લાગી અને આ આગ એટલી વિકરાળ બની કે, લગભગ દીકરીના કરિયાવરનો તમામ સામાન બળી ગયો.

આગની જાણ થતાં જ આસપાસ ના લોકોને જાણ થતાં જે તેઓએ પાણીથી આગ ઓલલવાનો પ્રયાસ કર્યો. જોકે, આગ કાબૂમાં ન આવતા ફાયર વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો. ફાયર વિભાગની ટીમ સમયસર ઘટના સ્થળે આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, રાહતની વાત એ હતી કે, લગ્નનું ઘર હોવાથી આગ અન્ય કોઈ જોખમી વસ્તુના સંપર્કમાં ન આવી અને કોઈ જાનહાનિની સ્થિતિ સર્જાઈ નથી.

### ‘સુશાસન દિવસ’ નિમિત્તે સરકારનો વીજ ગ્રાહક હિતલક્ષી નિર્ણય

# ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડો; જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે : ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

। ગાંધીનગર, તા.૨૪ ।



‘સુશાસન દિવસ’ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વીજ ગ્રાહકના હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઓકટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે તેમ,આજે ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું. ઊર્જા મંત્રી શ્રી દેસાઈએ કહ્યું હતું કે,ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓકટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલ વીજ વપરાશ ઉપર આશરે રૂ.૧,૧૨૦ કરોડનો લાભ થશે. ઊર્જા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ ફ્યુઅલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળા દરમિયાન વીજ બળતણના ભાવોમાં થયેલ ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવતી હતી. વધુમાં તેમણે કહ્યું કે, ઓકટોબર -૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિ યાન પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટ ના દરે ફ્યુઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવે છે. રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફયુલ સરચાર્જનો દર જાળવી રાખ્યો છે. વધુમાં,ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ, રાજ્ય સરકાર દ્વારા ગ્રાહકોના વિશાળ હિતમાં ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

### સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ધિક્કાર

# ખેતરની વાડીમાં યુવકે વૃદ્ધાને પોતાની હવસનો શિકાર બનાવી

### ભરૂચ જિલ્લાના ઝઘડીયામાં ખેતરની વાડીમાં ૩૫ વર્ષના યુવકે ૭૧ વર્ષની વૃદ્ધા સાથે આચર્યું દુષ્કર્મ

। ભરૂચ, તા.૨૪ ।

ગુજરાતના ભરૂચ જિલ્લાના ઝઘડિયામાં ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મની ઘટનાને લોકો ભૂલ્યા નથી. ત્યાં તો ભરૂચના આમોદથી વધુ એક હચમચાવી દેનાર ઘટના સામે આવી છે. આ ઘટનામાં ૩૫ વર્ષના યુવકે ૭૫ વર્ષની વૃદ્ધા પર દુષ્કર્મ આચર્યું છે. આ ઘટનાના અહેવાલો સામે આવતાં ચોતરફ લોકો ધિક્કારની લાગણી વરસાવી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના આમોદમાં એક ૩૫ વર્ષના યુવકે ૭૧ વર્ષની વૃદ્ધાને હવસનો શિકાર બનાવી છે. આમોદ પોલીસ મથકે નોંધાવી ફરિયાદ અનુસાર આરોપી શૈલેષ રાઠોડે ખેતરની વાડીમાં વૃદ્ધા પર દુષ્કર્મ આચરી પોતાની હવસનો શિકાર બનાવી હતી. આ અંગે ફરિયાદ નોંધતા ભરૂચ LCB તથા SOG ની ટીમ આરોપી શૈલેષ રાઠોડને પકડવા અલગ-અલગ ટીમો બનાવી માટે આકાશ પાતળ એક કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે આરોપી શૈલેષ રાઠોડે અગાઉન દોઢ વર્ષ પહેલાં આ જ વૃદ્ધા પર દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે પોલેસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને યુવકની ધરપકડ કરવામાં આવી હતી. જોકે આરોપી જામીન પર છૂટ્યો હતો, ત્યારે ફરી આરોપી શૈલેષ રાઠોડે આ જ વૃદ્ધા પર દુષ્કર્મ આચર્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને ધિક્કારની વરસાવી રહ્યા છે.

ભરૂચના ઝઘડીયામાં બનેલી દુષ્કર્મની ઘટનાએ દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી દીધી છે. ૮ દિવસ સુધી જીંદગી સામે જંગ લડી રહેલી બાળકીનું અંતે સોમવારે મોત થયું છે. ગુજરાત સરકાર મહિલા અને બહેન-દીકરીઓની સુરક્ષાની મોટી મોટી વાતો કરી રહી છે.

### ગુજરાત અને જાપાન વચ્ચેના મૈત્રી સંબંધોને વધુ મજબૂત બનાવશે

# ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રીનો નવો સેતુ રચાયો, ૫ કરારો થયા

। ગાંધીનગર, તા.૨૪ ।

મહાત્મા મંદિરમાં ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રી કરારો પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચે ગાઢ મિત્રતા અને વિકાસના નવા દ્વાર ખૂલે છે. આ પ્રોજેક્ટોના મુખ્ય મુદ્દાઓમાં શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ, મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન, અને મોઈ જેવા અનેક કરારો સામેલ છે. આ પ્રસંગે વિવિધ મંત્રી, મહાનગરપાલિકા અને જાપાનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા અને આ કરાર ગુજરાત અને જાપાન વચ્ચેના મૈત્રી સંબંધોને વધુ મજબૂત બનાવશે.

ગુજરાત અને જાપાનના શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે મૈત્રી કરારોના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલજણાવ્યું કે, ગુજરાત અને જાપાન વચ્ચેની મૈત્રીપૂર્ણ સંલગ્નતાઓ હવે વધુ મજબૂત બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશ હેઠળ યોજાયેલી વાયબ્રન્ટ સમિટના પરિપ્રેક્ષ્યમાં આ સંબંધો નવી ઉંચાઈ પર પહોંચ્યા છે. આ વખતે ગુજરાત અને જાપાનના શિઝુઓકા વચ્ચે વિઝન સેટ કરતો મૈત્રી કરાર થયા છે, જેમાં વેપાર, ટેકનોલોજી, અને સાંસ્કૃતિક આદાનપ્રદાન જેવા ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે.

**ભારત અને જાપાન વચ્ચે 5 MOU**

★ ગુજરાત અને શિઝુઓકા પ્રીફેક્ચર વચ્ચે પાંચ મૈત્રી કરાર

★ શિઝુઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઓફ કો-ઓપરેશન

★ અમદાવાદ અને હમામાત્સુ શહેરો વચ્ચે આપસી સહકાર માટેની દરખાસ્ત

★ વર્સેટાઈલ માઈક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે MOU

★ સુઝુકી મોટર કોર્પોરેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે MOU

મહાત્મા મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં, મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ મૈત્રી કરારો ગુજરાત અને જાપાનના શિઝુઓકા વચ્ચેના સંલગ્નતાઓને વધુ મજબૂત બનાવશે. વિવિધ કરારો, જેમ કે સુઝુકી મોટર્સ અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે મેમોરેન્ડમ ઓફ ઓપરેશન , ગુજરાત અને જાપાનની વચ્ચે વ્યાપાર અને સંસ્કૃતિના નવા માર્ગ ખોલી રહ્યા છે. જાપાનના શિઝુઓકાના ગવર્નર સુઝુકી યાસુતોમોએ આ કરારોને ઐતિહાસિક ગણાવતાં કહ્યું કે, ગુજરાત અને જાપાનના સંબંધો હવે વધુ ઘનિષ્ઠ બની રહ્યા છે. ગુજરાત એ ભારતીય આર્થિક વિકાસનો મથક બની રહ્યું છે, અને સુઝુકી જેવી જાપાનની અનેક કંપનીઓએ અહીં રોકાણ કર્યું છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

# શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...



## ૨૫મી ડિસેમ્બર
## સુશાસન દિવસ
ગુડ ગવર્નન્સ ડે

## સુશાસનને મળશે નવો આયામ

'મારી યોજના'
પોર્ટલનું લોકાર્પણ

'સ્વાગત ૨.૦' અને
'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ

વિજ્ઞાન અને તકનિકી વિભાગના
પ્રકલ્પોનું લોકાર્પણ

શ્રમ અને રોજગાર વિભાગના
નવા સેવા કાર્યોનું લોકાર્પણ

i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના
ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ

સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

**ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની**